# સાચું મોતી



સાધુ સુંદરસિંગ

2BGS2

# સાચું મોતી

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

❄ લેખક ❄
સાધુ સુંદર સિંગ

અનુવાદક :
ડૉ. ઈસુદાસ એચ. ક્રિશ્ચિયન
એમ.બી.બી. એસ., (બોમ્બે)

❖ **પ્રકાશક** ❖

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ
અમદાવાદ - ૩૮૦ ૦૦૬

| | |
|---|---|
| પ્રથમ આવૃત્તિ : ૧૯૭૨ | નકલ ૨૦૦૦ |
| રિપ્રિન્ટેડ : ૧૯૭૪ | નકલ ૨૦૦૦ |
| રિપ્રિન્ટેડ : ૧૯૯૧ | નકલ ૨૦૦૦ |
| રિપ્રિન્ટેડ : ૧૯૯૯ | નકલ ૧૧૦૦ |

કિંમત રૂા. ૧૦-૦૦

**-: મુદ્રક :-**

**સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ**

**એ/૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટની સામે,**
**મિરઝાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.**
**ફોન : ૫૬૨૩૭૬૧**

# સાચું મોતી

# આવકાર

સાધુ સુંદર સિંગ આપણા એક મોટા લેખક છે. આધ્યાત્મિક અને સાચા ખ્રિસ્તી જીવન વિશે તેમણે સુંદર પુસ્તકો લખ્યાં છે. તેમાંનું એક આ પુસ્તક છે.

'પ્રભુ સંગે એકાંતવાસ', 'ઈશ્વર માટે હૃદયની તૃષા', 'ઈશ્વરની ઓળખ' - આનાં જેવા વિચાર પ્રેરક, વિષયો ઉપર લેખકે પોતાનાં સુંદર મનનો રજૂ કર્યાં છે. જે વાંચવાથી દરેક વાચકને લાભ થશે તે નિઃશંક છે.

આ પુસ્તકના પ્રકાશન માટે યુવાન દાનવીર ક્રિસ્ટી ક્રિસ્ટેન્સન ઈસુરત્ન તરફથી તેમના દાદા સ્વ. બ્રિગેડિયર સોલોમન દેવજીભાઈના સ્મરણાર્થે રૂા. ૩૦૦૦/-નું ઉદાર દાન મળ્યું છે, જેની આભાર સહિત નોંધ લેતાં આનંદ થાય છે.

ભગવતપ્રસાદ ચૌહાણ

સેક્રેટરી



## સ્વર્ગસ્થ બ્રિગેડિયર સોલોમન દેવજીભાઇ ક્રિશ્ચિયન

બિગ્રે. સોલોમન ડી. ક્રિશ્ચિયનનો જન્મ તા. ૧૯-૧૦-૧૯૧૨ના રોજ મુક્તિફોજના અમલદારના ઘેર થયો હતો. તેઓએ પોતાનું શિક્ષણ મીશન સ્કૂલમાં પૂરું કર્યુ હતું. તેમણે મુક્તિફોજના વિવિધ ક્ષેત્રોમાં ૪૦ વર્ષ સુધી વિશ્વાસુપણે સેવા આપી હતી.

૧૯૭૭માં નિવૃત્તિ પછી અમદાવાદમાં વસવાટ કર્યો હતો. આ દરમ્યાન પોતાના વિસ્તારના ખ્રિસ્તી કુટુંબોની મુલાકાત ધ્વારા સેવા કરતા હતા.

પોતાના જીવનની દોડ વિશ્વાસુપણે પૂરી કરી ખ્રિસ્તઈસુમાં સ્વર્ગીય ઈનામ લેવા તા.૨૫-૬-૧૯૮૯ના રોજ પ્રભુમાં ઊંઘી ગયા છે.

# અનુક્રમ સૂચિ


પ્રસ્તાવના .............................. ૦૧
અનુવાદકની અંજલિ .................... ૦૩
૧. પ્રભુસંગે એકાંતવાસ .................... ૦૫
૨. ઈશ્વર માટે હૃદયની તૃષા ................ ૦૮
૩. ઈશ્વરની ઓળખ ......................... ૧૨
૪. વેદના અને દુઃખસહન .................... ૨૨
૫. ભૂંડાઈ એટલે શું? ......................... ૩૦
૬. દુષ્ટ જીવન અને દુષ્ટ વિચારોની અસર ..... ૩૩
૭. ખ્રિસ્તમય જીવન ......................... ૩૬
૮. અંત સમયે સમસ્ત માનવજાત પસ્તાવો કરી ઈશ્વરાભિમુખ થશે ...................... ૪૧
૯. ઈશ્વરનું સામ્રાજ્ય ........................ ૪૬
૧૦. નૈતિક ભાવના અને સૌંદર્ય ................ ૫૨
૧૧. ટીકાઓ અને વિરોધ ...................... ૫૬
૧૨. સેવા અને આત્મનિગ્રહ ................... ૬૧

૧

# પ્રસ્તાવના

આધ્યાત્મિક જીવનનાં વિવિધ પાસાં અંગે મનન અને ચિંતનના પરિણામરૂપે પ્રાપ્ત થયેલો જ્ઞાનનો નિચોડ મેં આ નાની પુસ્તિકામાં રજૂ કર્યો છે. વળી આધ્યાત્મિક જીવનના વિવિધ તબક્કામાંથી પસાર થતી વખતે ઈશ્વરભક્તને જે કંઈ મુશ્કેલીઓ વેઠવી પડે છે અને જુદી જુદી જાતના અનુભવો થાય છે તેનું આલેખન પણ કરવા પ્રયત્ન કર્યો છે.

આ પુસ્તિકામાં કેટલીક બાબતો અંગે બધા એકમત ન થાય એમ બને, તો તેમાં કશું નવાઈ જેવું કે આશ્ચર્યજનક નથી. જેમ બધી જ બાબતમાં એક સરખા હોય તેવા બે માણસ દુનિયામાં મળવા મુશ્કેલ છે તેમ માણસોને મળેલી દ્રષ્ટિ, શ્રવણશક્તિ, ઘ્રાણશક્તિ અને એવી બીજી અનેક શક્તિઓનું પ્રમાણ સરખું હોઈ શકે નહિ, કંઈક વિવિધતા અને કંઈક ભિન્નતા તો હોવાની જ. એ જ પ્રમાણે વ્યક્તિઓની આધ્યાત્મિક પરિસ્થિતિ, પ્રકૃતિ અને વલણ પ્રમાણે તેઓનો આધ્યાત્મિક વિકાસદેહ ઘડાય છે. વળી સિધ્ધાંતોમાં સામ્યતા હોવા છતાં માન્યતાઓમાં કંઈક ભિન્નતા જોવા મળે છે. પ્રભુ પણ વ્યક્તિની આત્મિક કક્ષાને અનુરૂપ, તેની જરૂરિયાત પ્રમાણે સત્યનાં રહસ્યો તેની આગળ ખુલ્લાં કરે છે અને પોતાની ઈચ્છા પ્રગટ કરે છે. બીજાઓને તેવું ઈશ્વરનું ઈચ્છાપ્રદર્શન કદાચ કસમયનું, જૂનવાણી કે બિનઉપયોગી પણ લાગે. પ્રબુધ્ધ મનવાળા લોકોએ અવારનવાર ઉચ્ચારેલાં પાયાનાં આંતરિક સત્યો

ગ્રહણ કરવાની શક્તિ સામાન્ય લોકોમાં વિકસેલી હોતી નથી. તેઓ ઈશ્વર સાથે સંગતમાં ન હોવાથી સત્ય તત્વનો અનુભવ કે આનંદનું ભાન તેઓને હોતું નથી. મોટા ભાગે તેઓ મૂળ મુદ્દો ભૂલી જઈને અને સૂકાં હાડકાં માટે લડતાં કૂતરાંની પેઠે મતમતાંતરોનાં કોચલાં માટે ઝઘડયા કરે છે. પણ જેઓને ઈશ્વરની સંગત થઈ હોય અને તેની મૈત્રીની ખાતરી મળી ચૂકી હોય છે તેઓ આવા ઝઘડાથી દૂર રહે છે. ખરું જોતાં તેમના અનુભવનું દર્શન તેમની સિધ્ધિની ખાતરી કરાવી આપે છે. આ વિધાન સાથે બધા લોકો કદાચ સંમત ન પણ થાય પણ એ દરેકની અંગત વાત છે.

આ પુસ્તિકાનો હસ્તલેખ શ્રી. ફ્રેન્ક નજમુદ્દીને તપાસી આપ્યો તેથી હું તેમનો આભારી છું. સમયના અભાવે મારાથી જે થઈ શકે તેમ ન હતું તે તેમણે પ્રેમભાવથી શ્રમ લઈને કરી આપ્યું છે.

આ પુસ્તિકા વાચકને થોડે ઘણે અંશે પણ આધ્યાત્મિક જીવન અંગે સહાયરૂપ થશે એવી આશા અને પ્રાર્થના સહિત હું તેને તેમના હાથમાં મૂકું છું.

**સાબાથુ**

**નમ્રભાવે,**

**સુંદર સિંગ**

# મારી અંજલિ

સાધુ સુંદર સિંગના નામથી ભાગ્યે જ કોઇ અજાણ હશે. ચાલુ સદીની શરૂઆતમાં જ થઇ ગયેલો એ સંત ખ્રિસ્તી ભારતના આકાશમાં એક પ્રકાશિત તારાની માફક ઝળહળી રહ્યો છે.

તેમણે ઘણું કરીને ૧૯૨૭ કે ૧૯૨૮ના અરસામાં એક વાર ગુજરાતમાં વડોદરામાં ખ્રિસ્તી જનમેળામાં હાજરી આપી હતી તેની યાદ ઘણાને હશે. મને એ લાભ મળ્યો ન હતો તેનો અફસોસ જીવનભર થયા કરે છે.

તેમના જીવનના મુખ્ય મુખ્ય બનાવો, તેમનું બદલાણ અને ત્યાર પછીની જિંદગીમાં બનેલા અનેક ચમત્કારિક બનાવો વગેરેનું વર્ણન કરતું એક પુસ્તક ગુજરાતીમાં ઘણાં વર્ષોથી મળે છે. કોઇ સંતનું જીવન ચમત્કારોથી ભરપૂર હોય તો સામાન્ય વાચકને તેના પ્રત્યે અહોભાવ અને પૂજયભાવ થાય છે પણ તેના જીવનનો નમૂનો લઇ પોતાનું જીવન ઉન્નત કરવાનો ઉત્સાહ તેમાંથી ભાગ્યે જ પ્રગટે છે.

આ દ્રષ્ટિએ સાધુના જીવનનો આધ્યાત્મિક વિકાસ દર્શાવતાં અને આધ્યાત્મિક શિક્ષણ આપતાં પુસ્તકો પ્રસિધ્ધ થાય તે વધુ ઇષ્ટ છે એમ મારું માનવું છે, એ દિશામાં પ્રગટ થનાર શ્રેણીની શરૂઆત સમ આ પુસ્તક છે.

સાધુ સુંદર સિંગે પ્રચલિત અને માન્ય એવા ઇશ્વર-વિદ્યાના સિધ્ધાંતોનો અભ્યાસ વ્યવસ્થિત રીતે કર્યો ન હતો.

તેમનું આધ્યાત્મિક જ્ઞાન, શાસ્ત્રાભ્યાસ, મનન અને કુદરતના અવલોકન દ્વારા મેળવેલું હતું. આમ્ તેઓ મતમતાંતરોના વિવાદથી અલિપ્ત રહી શક્યા હતા. હિંદીઓને સ્વતંત્રપણે આધ્યાત્મિક વિકાસ કરવાનું સબળ ઉદાહરણ તેમણે પૂરું પાડયું છે. એમના જેવા અનેક સંતો ઈશ્વર ઊભા કરે એ જ અંતરની અભ્યર્થના! એ જ મારા શ્રમની સાર્થકતા!

**ખેતીવાડી સંસ્થા, આણંદ** **સેવાભાવથી,**
**૨૯-૧૧-૧૯૬૯** **ડૉ. ઈસુદાસ**

# ૧. પ્રભુસંગે એકાંતવાસ

૧. પ્રભુ પોતાના ત્રણ માનીતા શિષ્યોને લઈને એક ઊંચા પહાડ પર ગયા. ખૂબ શ્રમ કર્યા બાદ આરામ અને તાજગી મેળવવાની જરૂર હશે એટલે તેઓ પહાડ પર ગયા હશે. પણ પ્રભુનો હેતુ એથી વિશેષ સિધ્ધ કરવાનો હતો. પ્રભુ પોતાના સત્યના તત્વનો વૈભવનાં દર્શન કરાવીને પોતાની નિકટની સંગતથી તેમને વધુ તૈયાર કરવા ઈચ્છતો હતો. પ્રભુના ચમત્કારો નજરે જોવા, કે ''કોઈ કદી બોલ્યું ન હતું'' (યો. ૭: ૪૬) એવાં વચનો સાંભળવા અને પ્રભુનાં અદ્‌ભુત કાર્યોથી દંગ થઈ જવું એટલું જ બસ નથી. માનવસમુદાયની ભીડથી અલગ થઈને, એકાંતમાં એ મહિમાવતં દિવ્ય વ્યકિત સંબંધી વિચાર કરવાની ખાસ જરૂર હતી. પ્રભુનું રૂપાંતર થાય એટલું જ નહિ પણ રૂપાંતર થયેલા પ્રભુને જોવાની દ્રષ્ટિ પ્રાપ્ત થઈ હોય તેવા શિષ્યો ત્યાં હાજર હોય તે પણ જરૂરી હતું. નહિ તો રૂપાંતરિત પ્રભુને કે મુસા અને એલિયાહને કોઈ જોવા પામ્યા ન હોત.તેમને દિવ્ય શ્રવણશક્તિ પણ પ્રાપ્ત થઈ હોવાથી શૂળી પર પ્રભુના થનાર મરણ અંગેની આગાહી પણ તેઓ સાંભળી શક્યા. તેઓએ ઈશ્વરની વાણી પણ સાંભળી કે “ તેનું સાંભળો ” (લુક ૯: ૨૮-૩૭).

ઈશ્વરે ખ્રિસ્ત તરીકે અવતાર ધારણ કર્યો હોવાથી તે તેની મારફતે આપણી સાથે વ્યવહાર કરે છે. માટે આપણે ખ્રિસ્તની વાત માનવી જોઈએ. સામો પ્રશ્ન કર્યા વિના તેના

કહ્યા પ્રમાણે તેની પાછળ પાછળ જવું જોઈએ. પણ પ્રભુની અદ્‌ભુત વાણી સાંભળવી હોય તો દુનિયાના કોલાહલ અને ધમાલ પ્રત્યે બહેરા થઈ જઈ પ્રભુની સંગત માણવા માટે તેને પ્રાપ્ત કરવાનો સંકલ્પ કરવો પડશે. એ સંકલ્પ પાર પાડવા માટે આપણે મૌન રહેતાં શીખવું પડશે અને એકાગ્રપણે ઈશ્વરનું ચિંતન કરવું પડશે. એવી એકાગ્રતા કેળવીએ તો જ આપણા હૃદયમાં સ્વર્ગીય પિતાની વાણી સંભળાશે. આપણે શાંત ન રહીએ તો બીજાની વાણી શી રીતે સંભળાય? મૌન રહીને પૂરું ધ્યાન ન આપીએ તો ઈશ્વરની વાણી સંભળાય નહિ અને તેનો યોગ્ય અમલ પણ ન થઈ શકે. મન દઈને આપણે તેના તરફ વળીએ તો તે આપણને તેનું દર્શન કરાવશે અને આપણે સંતોના સંગમાં પ્રવેશ કરીશું. આ ત્રણ શિષ્યોને પ્રભુએ મુસા અને એલિયાહની મુલાકાત કરાવી તેવો જ ધન્ય અનુભવ આપણને પણ થશે.

૨. આ ત્રણ શિષ્યોમાંના બે જણાએ પ્રભુના માનીતા હોવાનો દાવો કરી અંગત લાભ ઉઠાવવાની ઈચ્છા સેવી. તેમણે પ્રભુના વૈભવપૂર્ણ શાસનમાં તેના રાજ્યાસન પાસે ડાબે અને જમણે અગ્રસ્થાન મેળવવા માગણી કરી. આપણે પ્રભુની સંગતનો આવો અંગત લાભ ઉઠાવવા પ્રયત્ન ન કરીએ (માર્ક ૧૦:૩૫-૩૭). આ શિષ્યો કરતાં મરિયમની વૃત્તિ પ્રશંસાપાત્ર છે. તેણે પ્રભુના ડાબા કે જમણા સ્થાને બેસવા કરતાં તેના ચરણે બેસવાનું પસંદ કર્યું. એથી તે તેના વચનામૃતનું સરળ રીતે પાન કરી શકી. આ પ્રભુની પ્રસાદી

એવી છે કે કોઇ તે ઝૂંટવી શકે નહિ (લુક ૧૦:૩૯-૪૨).

૩.મનન સમયે ઇશ્વર સાથે વાર્તાલાપ થાય છે. ઇશ્વર નિઃશબ્દ રીતે આપણી સાથે વાત કરે છે. જો નમ્રભાવે આપણાં મન તે જીવનના ઝરા આગળ નમાવીએ તો તે સંપૂર્ણપણે તેમને ભરી દેશે. એકાદ ઝરણાના પ્રવાહમાં પાત્ર ધરવામાં આવે તો અનાયાસે જ તે ભરાઇ જાય તેમ નમ્ર માણસનું મન ઇશ્વરના આત્માથી અને તેની બથોલી શાંતિથી ભરાઇ જાય છે. હ્યુગો નામના એક લેખકે સાચું જ કહ્યું છે કે "ઇશ્વરને પહોંચવાનો ઉર્ધ્વગામી માર્ગ અંતે તો માણસમાં પોતામાં જ નીચે દોરી લાવે છે." ઇશ્વરનું વચન છે; "...હું ઉચ્ચ સ્થાને તથા પવિત્ર સ્થાને રહું છું, વળી જે અંતઃકરણથી પશ્ચાતાપ કરે છે અને નમ્ર છે તેની સાથે પણ વસું છુ..."(યશા. ૫૭:૧૫).

એક ભક્તે કહ્યું છે કે "પેલા ખોવાયેલા સિક્કાની પેઠે ખ્રિસ્ત હૃદયમાં જ છુપાઇને રહે છે. તેને શોધવા રોમ કે યરુશાલેમ સુધી જવાની જરૂર નથી. તે તમારા હૃદયમાં જ સુષુપ્ત રીતે રહે છે. હોડીમાં સૂતેલા પ્રભુને શિષ્યોએ ઢંઢોળીને જગાડ્યો તેમ તમારે પણ આગ્રહથી પ્રાર્થના કરીને તેને જગાડવાનો છે. પણ ખરું કહીએ તો પ્રભુ નહિ પણ તમે પોતે જ ઊંઘમાં છો.માટે જાગ્રૃત થાઓ, સચેત થાઓ અને તમારા પ્રિય ઉધ્ધારકને ભેટવા ઊઠો."

આમ એકાંતવાસમાં પ્રાર્થનાનો પહાડ ચઢીને તેની સંગતમાં પ્રવેશ કરીએ ત્યારે સમયનો બગાડ ન કરીએ.

શિષ્યોની પેઠે તંબુ તાણીને ત્યાં ધામા ન નાખીએ. પણ એ પ્રસંગ વડે તાજગી પામીને અને શક્તિ પ્રાપ્ત કરીને આપણી ભારે ફરજ અદા કરવા તત્પર અને સજ્જ થઈએ.

## ૨. ઇશ્વર માટે હૃદયની તૃષા

૧. આપણને અનુભવ ધ્વારા જ્ઞાન થયું કે માણસના હૃદયમાં ઈશ્વરને પામવાની અદમ્ય ભાવના ભરી પડી છે. મરૂ ભૂમિમાં હરણાં જેમ પાણી માટે વલવલે છે તેમ માનવહૃદય ઈશ્વરને ઓળખીને પ્રાપ્ત કરવા તલસે છે અને તે ઈચ્છા પૂરી ન થાય ત્યાં સુધી તેને ચેન પડતું નથી. હૃદયની આ ઝંખનાને સંતોષવા માણસ અનેક ઉપાયો કરે છે; પણ તેની ઝંખના ખરેખરી સંતોષાય નહિ ત્યાં સુધી બીજાં બીજાં વાનાંથી તેને શાંતિ વળતી નથી. સર્જનહારે હૃદય બનાવ્યું છે અને તેમાં તેણે પોતે જ એ તૃષા પણ મૂકી છે.

હોલ્મસ નામનો લેખક કહે છે કે, "જેમ પક્ષીનાં બચ્ચાં ખોરાક માટે ચાંચ પહોળી કરી ચીં ચીં કર્યા કરે છે તેમ માણસ ઈશ્વરને પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યા કરે છે."

"આરાધ્ય છે અમ દેવ તું, ચરણે નમીએ સૌ તનેઃ
તું ઈષ્ટ છે અમ મનતણો, સંસાર સૌ ઢૂંઢે તને.
મૂર્તિપૂજકની આશ સમ, શ્રદ્ધાળુ સૌનું શ્રેય તું,
ભક્તગણ તુજ નામ લઈ, વંદે તને, હે ઈશ્વરા."

એકવાર હું પહાડી પ્રદેશમાં મુસાફરી કરતો હતો. થાક લાગતાં એક ટેકરી પર વિસામો ખાવા બેઠો. ટેકરીના ઢોળાવ પર થોડે નીચે એક નાના ઝાડ પર એક માળામાંથી બચ્ચાંનો ચીં ચીં અવાજ મને સંભળાયો. મેં તે તરફ જોયું તો એક પક્ષી ચાંચમાં કંઇ ખોરાક લઇને માળા તરફ ઊડી આવતું હતું.તેને આવતું સાંભળીને બચ્ચાં જોર જોરથી ચીં ચીં કરવા લાગ્યાં. માદાએ તેમને ખવડાવ્યું. તે ઊડી ગઇ એટલે બચ્ચાં તરત શાંત થઇ ગયાં. પછી જરા નીચે ઊતરીને હું માળા પાસે ગયો. મેં જોયું કે પેલાં બચ્ચાંની તો આંખો પણ ઊઘડી ન હતી. માની પાંખોનો અવાજ સાંભળીને જોયા વિના જ તેઓ ખોરાકની આશામાં ચીં ચીં કરવા મંડી જતાં હતાં. હવે ધારો કે એ બચ્ચાં એમ કહેવા માંડે કે“ જ્યાં સુધી અમે અમારી માને અને ખોરાકને નજરે જોઇએ નહિ ત્યાં સુધી અમે મોં ઉઘાડવાનાં જ નથી. કોને ખબર એ તે અમારી મા હશે કે દુશ્મન હશે અને અમને સારો ખોરાક ખવડાવશે કે પછી ઝેર ખવડાવી દેશે.'' બચ્ચાં એમ કરે તો શું થાય? તેઓ ખોરાક વિના ભૂખે મરી જાય અને તેમની આંખો સદા માટે બંધ જ રહી જાય, અને કદી તેમની માને જોવા પામે જ નહિ. પણ તેમના મનમાં માના હેત વિશે કશી જ શંકા હતી નહિ. શ્રધ્ધાથી જ મા પર આધાર રાખીને ખોરાક લઇને તેઓ વિકાસ કરતાં ગયાં અને થોડા સમયમાં તેમની આંખો ઊઘડતાં પોતાની માને જોઇ તેઓ આનંદભરપૂર થયાં. પછી મોટાં થઇ ને તેમની માની પેઠે જોઇ તેઓ પણ ઊડતાં શીખ્યાં. આ હલકી કોટીના

જીવો કરતાં સૃષ્ટિના શિરોમણી જેવા આપણે માણસજાત કેટલી અધમ થઇ ગઇ છે કે પોતાની આધ્યાત્મિક માતાના અસ્તિત્વ અને પ્રેમ વિષે તેના મનમાં શંકા ઊઠે છે. એ પર વિચાર કરવાની ખૂબ જરૂર છે. "જેઓએ જોયા વિના વિશ્વાસ કર્યો છે તેઓને ધન્ય છે" (યો. ૨૦:૨૯). એવા શ્રધ્ધાળુ લોકો ઈશ્વર પ્રત્યે પોતાનાં હૃદય મોકળાં કરે છે અને તેના તરફથી આધ્યાત્મિક પોષણ પ્રાપ્ત કરે છે. આપણે માટે પુખ્ત થવાનો સમય ઘણો વહેલો આવી જશે ત્યારે આપણા સ્વર્ગીય પિતાની સંપૂર્ણતા સિધ્ધ કરીને હમેંશ માટે તેનાં દર્શન કરીશું. સદાકાળ સુધી ઈશ્વર સંગે આનંદમય સમય ગાળીશું.

૨. એક સંતપુરુષની એક વાત છે. એક વાર રસ્તે ચાલતાં તેને ત્રણ માણસોનો ભેટો થયો. એમાંનો એક માણસ ફીક્કો અને સાવ નબળો જણાતો હતો. કોઈક બીકને લીધે તે ગળીને ઓછાયા જેવો થઇ ગયેલો જણાતો હતો. સંતપુરુષે તેની આવી દશા થવાનું કારણ પૂછયું. તેણે જવાબ આપ્યો કે "મને નરકાગ્નિમાં નાખી દેશે તો મારું શું થશે એ બીક મને નિરંતર સતાવ્યા કરે છે." સંતપુરુષે તેને કહ્યું કે "તમારા સર્જનહાર અને પ્રભુની બીક રાખવાને બદલે તમે તો સૃષ્ટ વાનાંની બીક રાખો છો. તમારી ભક્તિ પણ નિખાલસ નથી. નરકાગ્નિમાંથી છૂટવા માટે જાણે કે લાંચ તરીકે તમે ભક્તિ કરો છો. ઈશ્વરનો ખરો ડર એ જ ડહાપણનો આરંભ છે એ તમારે શીખવું જોઈએ."

બીજો માણસ હતાશ અને ચિંતામગ્ન થઈને બેઠો હતો. સંતપુરુષે તેને પણ એવી દશા થવાનું કારણ પૂછયું. તેણે જવાબ દીધો, "મને સતત ચિંતા રહ્યા કરે છે કે સ્વર્ગનો આનંદ અને સુખ નહિ મળે તો મારી કેવી હાલત થશે?" સંતપુરુષે તેને કહ્યું, "સર્જનહાર તેમ જ તેના અદ્‌ભુત પ્રેમભાવ સંબંધી ખ્યાલ કર્યા વિના, તેણે સૃજેલાં સ્થળ સંબંધીની લાલચ રાખી તમે ભજન કરો છો તે શરમજનક અને દયાજનક છે."

આ બે જણા સાથે વાત કર્યા પછી સંતપુરુષ ત્રીજા માણસ તરફ ફર્યા. તે બહુ આનંદપૂર્ણ અને સંતોષી જીવ હતો. તેનો આવો આનંદ ઊભરાતો જોઈ સંતપુરુષે પૂછયું, "તમારા આ આનંદ અને શાંતિનું રહસ્ય શું છે?" તેણે જવાબ આપ્યો, "ઈશ્વર તરફથી હું શિક્ષણ પામ્યો છું કે સંનિષ્ઠ ભાવના અને સચ્ચાઈથી ભજન કરવું. હું એ પ્રમાણે ઈશ્વરની આરાધના કરું છું. હું ઈશ્વર પાસે માગું છું કે તે મને હૃદયપૂર્વક અને આધ્યાત્મિક ભાવથી ભક્તિ કરવાનું બળ આપે, તેમ જ પ્રેમમય સેવા કરવાની શક્તિ આપે. હું શીખ્યો છું કે, જો નર્કની બીકને લીધે હું તેની ભક્તિ કરું તો તે મને ત્યાં જ ફેંકી દેશે. જો હું સ્વર્ગ પામવાની લાલચથી તેનું ભજન કરું તો સ્વર્ગ મારાથી દૂર રહેશે. પણ પ્રેમભાવથી તેનું ભજન કરું તો મને તેનું દર્શન થશે અને તે વડે મારું હૃદય પ્રેમભરપૂર ઈશ્વરી સંગતમય થઈને ઊભરાવા માંડશે."

૩. જો આપણે ઈશ્વરને પોતાને છોડીને તેણે સરજેલાં

વાનાં પર ચિત્ત લગાડીએ અને તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ તો સૌ પ્રથમ ઇશ્વરને ખોઇ બેસીશું. ત્યાર પછી ધીરે ધીરે સઘળી સૃષ્ટિ આપણા હાથમાંથી સરી જશે. અંતે પાપથી ખરડાઇને તદ્દન ખાલી થઇ જઇશું. પણ સૃષ્ટ વાનાં તરફથી ચિત્ત વાળી લઇને સર્જનહાર તરફ લગાડીને તેની શોધ કરીએ તો ઇશ્વર સાથે તેની સમગ્ર સૃષ્ટિ આપણને મળશે. ફક્ત પોતાનો જ લાભ જોનાર માણસ પૂરો સ્વાર્થી છે. તે "સ્વ" ની જ ઉપાસના કરે છે. એવા માણસને તેની ભાવના પ્રમાણે શિક્ષા અને દુઃખ જ મળે છે. તે પોતાનાં સુખચેન માટે જ ચિંતા કરે છે અને ઇશ્વર પ્રત્યે નહિ પણ પોતાના લાભાર્થે જ પ્રવૃત્તિ કરે છે. પોતાનું જ હિત તાકવા જતાં તે સર્વસ્વ ગુમાવે છે. આ રીતે તેને નથી ઇશ્વરપ્રાપ્તિ થતી કે નથી પોતાની સાચી ઓળખ પડતી.

## 3. ઈશ્વરની ઓળખ

૧. નાસ્તિક લોકો ઇશ્વરના અસ્તિત્વનો ઇનકાર કરે છે પણ કોઇ માણસ "ઇશ્વર નથી" એમ સાબિત કરી શકે એમ નથી. જો નાસ્તિક લોકો તદ્દન વજૂદ વિનાની અને વિચિત્ર દલીલો માની લે તો તેથી તેઓ શાણા કે સત્યનિષ્ઠ છે એમ સાબિત થઇ શકતું નથી. એવી રીતે અયોગ્ય દલીલોનો સ્વીકાર કરવાથી તેમનું અજ્ઞાન અને અવળચંડાઇ ખુલ્લાં પડી જાય છે. જો ઇશ્વર ન હોય તો જે નથી તેને માટે દલીલો કરી તે નથી એમ સાબિત કરવા

પ્રયત્ન કરવો એ સમયનો દુર્વ્યય જ કહેવાય ને? એ સમયનો બીજી રીતે સદુપયોગ કરવો એ હિતકારક ગણાય. ઈશ્વર હોય તો તે પછી તે સર્જનહાર, સૃષ્ટિનું આદિકરણ નથી એમ સાબિત કરવા દલીલો કરવી એ નરી મૂર્ખાઈ અને મૂઢતા જ ગણાય (ગીતશાસ્ત્ર ૧૪:૧), દરેક વિચારવંત માણસ સમજે છે કે ઈશ્વર છે. ઈશ્વરની હયાતિનો ઈનકાર કરનારાં તે નથી એમ સાબિત તો કરી શકે તેમ નથી, એટલે એમ કરવા જતાં તેઓ પોતાનું અજ્ઞાન અને અવળી સમજ પ્રદર્શિત કરે છે. કીડો જમીનમાં ઊંડે રહ્યો રહ્યો દલીલ કરે કે સૂર્ય જેવું કશું હોવાનો સંભવ જ નથી તો એ કેવું વિચિત્ર કહેવાય! નાસ્તિકોની ઈશ્વર અંગેની દલીલો પણ એવી વ્યર્થ અને મિથ્યા કહી શકાય. એમની દલીલોમાં કંઈ જ તથ્ય હોતું નથી અને જન્માંધ લોકો સિવાય બીજા કોઈ તેવી દલીલોથી પ્રભાવિત થતા નથી.

જો કોઈ વ્યક્તિ કે બાબતમાં શ્રધ્ધા ધરાવવાથી કોઈને હાનિ પહોંચે તો તેવી અંધશ્રધ્ધાનો વિરોધ કરી તેનું ખંડન કરવું એ આપણી ફરજ થઈ પડે છે. પણ ઈશ્વર પર શ્રધ્ધા રાખવાથી કદી કોઈનું અહિત થાય ખરું? કદી નહિ. ઊલટું શ્રધ્ધાળુઓને તો ઈશ્વરના ડર દ્વારા અને તેના પ્રેમ વડે અનેક પ્રસાદીઓ પ્રાપ્ત થાય છે. વિશેષ તો ઈશ્વર પરની શ્રધ્ધા મારફતે અનંતજીવન પ્રાપ્ત થાય છે. જો કોઈ જીવનના ઝરા વિષે અસત્ય કહે કે તેની અવગણના કરે તો તે અતિ અધમ અને પાપમય ગણાય. એમ કરનાર ઈશ્વરને અપમાનિત કરે છે અને તેના વિરુધ્ધ પાપકર્મ આચરે છે.

એમ કરનાર બીજાને ઈશ્વરના પ્રેમથી વંચિત રાખવા તેમનો અને પોતાનો વિનાશ નોતરે છે.

૨. કેટલાક લોકો અજ્ઞેયવાદી હોય છે. તે ઈશ્વર છે કે નથી તે વિષે કશું ચોક્કસ વિધાન કરતા નથી. તેઓ તો એમ દલીલ કરે છે કે આપણે ઈશ્વરને ઓળખતા નથી અને કદી ઓળખી શકવાના પણ નથી. આ વિધાન પણ સત્ય નથી. જો ઈશ્વરને આપણે કદી ઓળખી શકવાના ન હોત તો એ અંગેની શ્રધ્ધા જ આપણામાં હોત નહિ. એને ઓળખવાની તમન્ના જ આપણા મનમાં ઉત્પન્ન થાત નહિ. આપણા મનમાં આવી ઈચ્છા મૂકેલી છે તે હેતુસરની છે. હૃદયની હરેક ઈચ્છા પાછળ વિશિષ્ટ હેતુ હોય છે.

બાળક માતા દ્વારા જન્મ ધરે છે પણ બાળકનું પોતાનું અલગ વ્યક્તિત્વ હોય છે. તે પોતાના ગજા પ્રમાણે માતા પર પ્રેમ રાખે છે. માતા બાળક પર જેટલું હેત રાખે છે અને તેને જેટલા પ્રમાણમાં ઓળખે છે તેના પ્રમાણમાં બાળકનું માતા અંગેનું જ્ઞાન ઘણું જ અલ્પ હોય છે. આસ્તે આસ્તે બાળકનો વિકાસ થતાં તે માતાનેવધુ ને વધુ ઓળખતું થાય છે. એ રીતે તેની સમજશક્તિ પ્રમાણે માતાની સંગતમાં સલામતી અને હેતનો અનુભવ કરે છે. ઈશ્વર અસીમ હોવાથી તેને ઓળખવા માટે અસીમ જ્ઞાનની અગત્ય છે એ વાત ખરી, પણ આપણું જ્ઞાન અપૂર્ણ હોવાથી આપણે ઈશ્વરને ઓળખી શકીએ જ નહિ એમ કહેવું બરાબર નથી.આપણાં વિકાસના તબક્કા અનુસાર આપણી જરૂર પ્રમાણે આપણને ઈશ્વરનું મર્યાદિત જ્ઞાન પ્રાપ્ત થાય છે,

અને આપણી શક્તિ અને અધિકાર પ્રમાણે તેની સંગતનો જીવનદાયક અનુભવ પ્રાપ્ત થાય છે. હાલ તો એથી વધુ પ્રમાણમાં જાણવાની આપણે જરૂર પણ નથી. જેમ જેમ આપણે પ્રગતિ કરતાં જઈશું તેમ તેમ આપણા આધ્યાત્મિક વિકાસ સાથે સાથે ઈશ્વર સંબંધીનું આપણું જ્ઞાન પણ વધતું જશે. જોકે હાલની પરિસ્થિતિમાં ઈશ્વરને પૂર્ણ રીતે ઓળખવાનું આપણા માટે શક્ય નથી પણ તેથી અકળાવાની કે નાસીપાસ થવાની જરૂર નથી, કારણ કે આ અસીમ ઈશ્વરને ઓળખવા માટે આપણી પાસે અનંત કાળ છે. હાલ પૂરતું સંજોગો અને અધિકાર પ્રમાણે જેટલું જ્ઞાન મેળવાય તેટલું બસ છે. આપણું આચરણ પણ આપણા જ્ઞાનને અનુરૂપ હોય તે જરૂરી છે. એને અનુરૂપ આપણે તેની સંગતના આનંદનો ઉપભોગ કરવો જોઈએ.

૩. જો અહીં જ ઈશ્વરનું પૂર્ણ જ્ઞાનં પ્રાપ્ત કરવાની જરૂર હોત તો ઈશ્વરે એને માટે યોગ્ય જોગવાઈ કરી હોત. પોતાના સર્જન માટે જે કંઈ હિતકારક અને ઉપયોગી હોય તે ઈશ્વર કર્યા વિના રહેતો નથી. ઈશ્વરની ઈચ્છા એવી જણાય છે કે દિન પર દિન આપણે તેને વધુ ને વધુ ઓળખતા જઈએ. આપણે કોઈના કહ્યાથી ઈશ્વર સબંધી જ્ઞાન પ્રાપ્ત કરીએ તે કરતાં પોતાના પ્રયત્નથી તેનું જ્ઞાન મેળવીએ એ વધુ દ્રઢ અને પ્રતીતિકર હોય છે. અનુભવ વિનાનું જ્ઞાન અપકવ હોવાનું જોખમ રહે છે.

કેટલાક તત્વવેત્તાઓ કહે છે ઈશ્વરને આપણે પૂરો ઓળખી શકતા નથી. તેમાં પણ ગૂઢ રહસ્ય રહેલું છે.

આપણને ઈશ્વર અંગે જ્ઞાન નથી એ ભાન થાય એ પણ એક પ્રકારનું કીમતી જ્ઞાન છે. કોઈએ કહ્યું છે કે "જ્ઞાન નથી એમ કબૂલ કરવું એટલે જ જ્ઞાન છે એનું ભાન થયું છે એમ દર્શાવી આપવું."

૪. ઈશ્વરનું ગૌરવી વ્યકિતત્વ સંપૂર્ણપણે સમજવાનું તો બાજુએ રહ્યું પણ તેણે સૃજેલાં નાનાં નાનાં જીવજંતુઓ સંબંધી પણ આપણને ઘણું અલ્પ જ્ઞાન છે. કદાચ તેમનાં બાહ્ય ગુણો - લક્ષણો સંબંધી કંઈક જ્ઞાન પ્રાપ્ત કર્યાના દાવા કરીએ પણ દરેક વાતના આંતરિક રહસ્ય સંબંધી તો મોટા ભાગે આપણે અજ્ઞાત છીએ એમ કબૂલ કરવું જ રહે છે.

બીજાં પ્રાણીઓ સંબંધી સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાનું લગભગ અશક્ય જ ગણાય એ ખરું, પણ માણસ પોતે પોતાને જ પૂર્ણપણે સમજી શકતો નથી પછી વધુ શું કહેવું?માણસ પોતે કોણ છે, તેની પ્રકૃતિ કેવા પ્રકારની છે તે વિષેનું તેનું જ્ઞાન સાવ નજીવું જ છે. માણસને પોતા વિષે પૂરું જ્ઞાન થાય તો ત્યાર પછી ઈશ્વરની ઓળખ થવામાં ખાસ મુશ્કેલી રહેશે નહિ. માણસને ઈશ્વરની પ્રતિમા પ્રમાણે બનાવેલું હોવાથી પોતાની ખરી ઓળખ થતાં તે સાથે ઈશ્વરની ઓળખ થતી જાય છે. માણસને જેમ જેમ ઈશ્વરની ઓળખ તેના મનને સંતોષે તેટલા પ્રમાણમાં થાય તેમ તેમ તેને પોતાના સાચા સ્વરૂપની પણ સમજ પડવા માંડે છે. ઈશ્વર માનવનાં જીવનનો પ્રાણ છે. માણસ અને ઈશ્વર વચ્ચેના સંબંધો એવા ઘાડ રીતે ગુંથાયેલા છે કે એકનું જ્ઞાન થવાથી આપોઆપ જ બીજાનું પણ જ્ઞાન લાધે છે.

જેની સાથે આપણને કોઇ રીતની એકરૂપતા કે અનુરાગ હોય તેના વિષે જ આપણે કંઇક જાણી શકીએ. એ ન્યાયે જો માણસમાં કંઇક ઇશ્વરી તત્વ ન હોત તો માણસને ઇશ્વરનો ખ્યાલ કદી આવી શકત નહિ. કોઇએ તો એટલે સુધી કહ્યું છે કે ઇશ્વરને ઇશ્વર પોતે જ ઓળખે છે. બીજું કોઇ તેને ઓળખી શકે તેમ નથી. ઇશ્વર અવતાર ધારણ કરીને મનુષ્ય થયો કે માણસનો તેની પતિત હાલતમાંથી ઉધ્ધાર કરીને તેને તેના લક્ષ્ય પર પહોંચાડે. સંત એથેનેસીઅસ કહે છે કે "ઇશ્વર મનુષ્ય એ હેતુથી થયો કે મનુષ્ય ઇશ્વર (જેવો) થાય."

ઇશ્વર મનુષ્યને તેની પતિત દશામાંથી ઉપાડીને ઊંચે લાવે છે અને તેને પોતાનો સેવક બનાવે છે. તેને અગ્નિ જવાળા જેવો કરી દે છે (હેબ્રી. ૧:૭). પ્રભુ પોતે આત્મા સ્વરૂપ તેમ જ અગ્નિરૂપ છે (માથ્થી ૩:૧૧). આપણે પણ જો અગ્નિની જવાળારૂપ થઇએ તો તેથી ઇશ્વર જેવા થઇ શકીએ. "અગ્નિની નાનામાં નાની જવાળામાં પણ સર્વાંગ સંપૂર્ણતા હોય છે." આ ઉપરની એમ ન સમજવું કે મનુષ્ય અને ઇશ્વર બંને એક જ આત્મા છે. કેટલાક તત્વજ્ઞાનીઓ અને અધ્વૈતવાદીઓ માને છે કે મનુષ્યો ઇશ્વરનાં જ વિવિધલક્ષી રૂપ છે. આવી રીતે સર્જનહારને તેની સૃષ્ટિ સાથે ગૂંચવવાથી માણસના મનને સંતોષ વળતો નથી. ઇશ્વર સાથે સંગત કેળવવાથી અને ઐકય સાધવાથી સાચો સંતોષ મળે છે.

૫. સત્યનો શોધક કોઇ ખોટી માન્યતા ધરાવતો હોય

તો તેટલા માટે ઈશ્વર એકદમ તેનો બહિષ્કાર કરી દેતો નથી. ઈશ્વર તેની પર જૂઠાણાનો આરોપ પણ લગાડતો નથી. પણ પરિસ્થિતિનું એવું આયોજન કરે છે કે આસ્તે આસ્તે તે પોતાની ભૂલ સમજતો થાય અને તેને સત્યનું ભાન થતું જાય.

ઘાસ કાપનાર એક મજૂરને એક વાર સુંદર પથ્થર જડ્યો. કીંમતી હિરાની પ્રચલિત વાતો તો તેણે અનેક સાંભળેલી. એટલે તેને મનમાં થઈ ગયું કે આ પથ્થર પણ કીંમતી હીરો જ હશે. હીરા પારખુ ઝવેરીને બતાવવા તે બજારમાં પહોંચી ગયો. ઝવેરી ભલો માણસ હતો. તેણે વિચાર કર્યો કે જો હું આ ગામડિયાને કહું કે આ તો સાદો પથ્થર છે તો તે અવળું સમજશે. કદાચ મારા પ્રત્યે વહેમાશે અથવા મારી વાત માને તો તેની આશા ભાગી જવાથી ખૂબ નિરાશ થઈ જશે. એમ વિચારીને ઝવેરીએ યુક્તિપૂર્વક કામ લીધું. તેણે મજૂરને પોતાની દુકાનમાં નોકરી પર રાખી લીધો અને ધીરે ધીરે હિરાની પારખ કેવી રીતે કરાય તે શીખવવા માંડયું. યોગ્ય સમય વીત્યા પછી નોકરને હીરાની પારખમાં સારી ફાવટ આવી. ત્યારે ઝવેરીએ તેને કહ્યું, “લાવો જોઈએ, પેલો તમારો કીંમતી પથ્થર ચકાસી જોઈએ.” નોકરે પથ્થરને સંભાળથી સાચવી રાખ્યો હતો તે જઈને લઈ આવ્યો. લાવતાં લાવતાં જ તેણે પથ્થરનું મૂલ્ય કરી લીધું. તે સમજી ગયો કે એ પથ્થર તો કોડીનોય ન હતો. આથી તે ખૂબ શરમિંદો થઈ ગયો. તેના શેઠને પગે પડીને કહેવા લાગ્યો, “શેઠ, તમારી ભલાઈ, પ્રેમ અને

સહાનુભૂતિ માટે હું ખૂબ ઋણી છું. તમે મારા મનનો વિચાર કરીને એવી વ્યવસ્થા કરી કે હું પોતે જ મારી ભૂલ સમજી શક્યો અને ભારે આઘાતમાંથી બચી ગયો. હવે મારે ક્યાંયે જવું નથી. માટે મને હંમેશા તમારી પાસે રાખી તમારી સેવા કરવા દો. હું આપનો ખૂબ આભારી થઇશ.'' આજ પ્રમાણે ઇશ્વર મૂર્તિ પૂજનારા અને અન્ય માર્ગ ભૂલેલાઓને ખરા માર્ગ પર દોરી લાવે છે, ત્યારે તેઓ સત્યની સમજ પામે છે, તેને આચરણમાં ઉતારે છે અને ઇશ્વરની સેવામાં પોતાનું જીવન જોતરી દે છે.

૬. કેટલાક લોકો એવા મૂર્ખ અને ગેરસમજવાળા હોય છે કે ભજન કરીને કે ભજનસ્થાનોમાં હાજરી આપીને જાણે ઇશ્વર પર ઉપકાર કર્યો હોય તેમ મનમાં ફુલાય છે. આવા લોકો કદી સત્યને ઓળખી શકતા નથી. કોઇ મૂર્ખ ભિખારીને પોતાની ભૂખનું ભાન જ ન હોય અને તેને રોટલો આપનાર કોઇ હોય તો તેના વિષે પણ તદ્દન ઉપેક્ષા સેવે તેના જેવું આ છે. તેને રોટલો આપી તૃપ્ત કરનાર પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાને બદલે તેનો રોટલો ખાઇ જાણે તેના પર ઉપકાર ન કર્યો હોય તેવું વલણ ઘણા ધાર્મિક લોકો ધરાવે છે. તેઓ માને છે કે અમે તો ઇશ્વરની સેવા કરીએ છીએ. એવો મૂર્ખ માણસ વિચાર પણ કરતો નથી. દાતાએ ખૂબ રહેમ દર્શાવીને મારું પેટ ભરવાની વ્યવસ્થા કરી આપી છે માટે મારે તેના પ્રત્યે આભારની લાગણી દર્શાવવાની જરૂર છે.

૭. સર્જનહારે માણસને બુધ્ધિ અને સમજશક્તિ બક્ષ્યાં છે. તે સાથે સ્વતંત્ર સંકલ્પશક્તિ અને લાગણીશીલતા

પણ તે ધરાવે છે. માટે આત્મિક ખોરાક માણસે પોતાની બુધ્ધિના દાંત વડે બરાબર ચાવીને ખાવાની જરૂર છે. એથી ઈશ્વરની સેવા કરવાનું બળ પ્રાપ્ત થશે. પણ જેમ કૂતરાં સૂકાં હાડકાં ચાવતાં પોતાના મોંમાં ઈજા કરી બેસે છે અને પછી તેમાંથી ઝરતું લોહી ચાખીને આનંદ અનુભવે છે, તેમ માણસે અયોગ્ય વાનાંમાં અને નિરર્થક રીતે બુધ્ધિનો પ્રયોગ કરવો નહિ. હિતકારક અને સાર્થક રીતે બુધ્ધિનો ઉપયોગ કરવો જરૂરી છે, નહિ તો સૂકાં હાડકાં ચાવવા જેવી નકામી પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહી ઈશ્વરી પ્રસાદ જેવી શક્તિઓ નકામી વેડફાઈ જશે.

ઈશ્વરની સંગતનો અનુભવ કરી આનંદ મેળવવા માટે આપણામાં ઈશ્વરે લાગણીશીલતા મૂકી છે. પણ પાપભાવના અને અનાજ્ઞાંકિતપણાને લઈને આપણી લાગણીઓ કુંઠિત થઈ જાય છે. શુષ્ક તર્કવાદીઓને ઈશ્વરની સંગતની કશી લાગણી અનુભવવા મળતી નથી. તેમને પોતા સિવાય બીજા કશાની ખબર પડતી નથી. એના પરિણામે તેઓ નાસ્તિક થઈ જાય છે. જો સ્વતંત્ર સંકલ્પશક્તિનો સ્વ છંદે ઉપયોગ કરવામાં આવે અને ઈશ્વરની ઈચ્છાનો અનાદર કરવામાં આવે તો પાપ અને ગુલામીની દશામાં માણસ ધકેલાઈ જાય છે.

૮. નદી એકાદ સ્થળે શરૂ થઈ જુદા જુદા વિસ્તારો અને પ્રદેશોમાં થઈને વહેતી જાય છે અને અંતે દરિયામાં તેનું પાણી ભળી જાય છે. જે જે પ્રદેશમાંથી નદી વહેતી હોય ત્યાંના રાજકર્તાઓ નદી પર હક્ક ધરાવે છે. છતાં

વહેતા પાણી પર કોઇનો અબાધિત હક્ક હોતો નથી. કોઇ તેને રોકી શકતું નથી કે પોતાના પ્રદેશમાં બાંધી રાખી શકતું નથી.તે તો બધા પ્રદેશોની સહિયારી નદી છે. બધાને પીવાનું પાણી પૂરું પાડી તેમની તરસ છિપાવે છે અને એમ કરતાં કરતાં તેના મૂળ ઉત્પત્તિસ્થાન સમુદ્રમાં પાછી મળી જાય છે. એ જ પ્રમાણે અસીમ જીવનસાગર ઇશ્વરના જીવનની વિવિધ નદીઓમાં જીવનનું પાણી આવે છે અને સમસ્ત જગતમાં વહે છે, તેની તૃષા છિપાવે છે, તેને તાજગી આપે છે અને સંતોષ પ્રદાન કરે છે. તે નદીનું જળ એકેએક વ્યક્તિ માટે છે. જો કે એ નદી પણ વિવિધ પ્રદેશોમાંની અનેક દેશજાતિઓના લોકોમાં થઇ ને વહે છે (જુદા જુદા પ્રેષિતો અને પેગંબરો દ્વારા) છતાં તે આખી માનવજાત માટે નિર્માણ થયેલી છે,''...જે તરસ્યો હોય તે આવે: જે ચાહે તે જીવનનું પાણી મફત લે'' (પ્રકટી. ૨૨:૧૭)

દયાપૂર્ણ વાદળ-તેની વાણીગર્જનથી મંદિર ભરપૂર થાય છે.

હું જીવનજળ આપું છું-ચાહે તે આવે ને લે.

# ૪. વેદના અને દુઃખસહન

૧. દુનિયામાં બે પ્રકારનાં દુઃખો વેઠવાનાં આવે છેઃ શારીરિક અને આધ્યાત્મિક. પાપને લીધે ઈશ્વરથી વિમુખ થવાથી માણસને આધ્યાત્મિક રીતે વેઠવું પડે છે. ઈજા થવાથી કે માંદગીને લીધે શરીરમાં દુઃખ વેઠવું પડે છે. અન્ય પ્રાણીઓને પણ તેમના વિકાસના પ્રમાણમાં વેદનાનો અનુભવ થાય છે, પણ માણસના જેટલી તીવ્રતાથી નહિ. માણસમાં ઉચ્ચ પ્રકારની સમજશક્તિ, તીવ્ર વિચારશક્તિ અને કુશાગ્ર બુધ્ધિ સાથે લાગણીશીલતા હોવાથી તેને દુઃખની લાગણી અનેકગણી વધારે લાગે છે. વિચાર કરવાથી દુઃખ વિષે સભાન થવાય છે.

હિંસક પ્રાણીઓ અને પક્ષીઓના દાંત, પંજા, ચાંચ વગેરેની રચના એવી હોય છે કે શિકાર તેમાંથી છટકી શકે નહિ. એથી શિકારનું મૃત્યુ જલદી થાય છે અને તેની વેદના ઓછી થઈ જાય છે. ઘાયલ થયેલો શિકાર છટકી જાય તો તેનું મૃત્યુ થતાં વાર થાય અને વેદનાનો સમય લંબાય એ દેખીતું છે. ઝેરી સાપનો ડંખ લાગતાં ઝેરથી શરીરની વેદનાની લાગણી બુઠ્ઠી થઈ જાય છે અને વેદનારહિત મૃત્યુ થાય છે. અમુક અપવાદરૂપ પ્રસંગો બાદ કરતાં મોટા ભાગે મૃત્યુનો અનુભવ વેદનારહિત હોય છે. મરણ પહેલાં વ્યક્તિ ઊંઘમાં કે ઘેનમાં પડી જાય છે. ઝેરથી કે ઈજાથી પણ માણસ બેભાન થઈ જાય છે. આમ આપણે ધારીએ તે કરતાં માણસને ઓછું દુઃખ વેઠવું પડે છે. પણ

જ્યારે પાપને લીધે માણસને દુઃખ વેઠવાનું આવે છે ત્યારે તે શારીરિક હોય કે આધ્યાત્મિક હોય, બંને રીતે તે અતિ ત્રાસજનક થઇ પડે છે.

૨. વિવિધ પ્રકારનાં દુઃખો દ્વારા આપણે આધ્યાત્મિક જીવનમાં વૃધ્ધિ અને પ્રગતિ કરી શકીએ છીએ. આપણે દુઃખનો અનુભવ જ ન કરીએ એવી ઇશ્વરની ઇચ્છા નથી. અનેક પ્રકારથી કડવી જણાતી બાબતો ખરેખરી હિતકારક હોય છે. કેટલાંક પ્રકારનાં ઝેર અને કડવી દવાઓ કેટલાક રોગ પર અસરકારક ઔષધ તરીકે કામ આપે છે. આપણને તેમનો યોગ્ય રીતે ઉપયોગ કરતાં ન આવડવાથી ઝેર ગણી તેમને અવગણીએ છીએ. ખરું જોતાં ઇશ્વરે દરેક વસ્તુ ખાસ ઉદેશથી બનાવી છે. યોગ્ય સ્થાને અને યોગ્ય સમયે તે અતિ ઉપયોગી અને હિતકારક થઇ પડે છે. સર્વથા અનિષ્ટ હોય તેવું કશું ઇશ્વરે વિશ્વમાં પેદા કર્યું નથી. હરેક પ્રકારનાં દુઃખ, વેદના અને કમનસીબી એ બધાં આધ્યાત્મિક જીવનમાં પ્રગતિનાં સાધન તરીકે કામ આપે છે (રૂમી. ૮:૨૮). ઇશ્વરે આપેલી શક્તિના દુરૂપયોગથી જ હાનિકારક પરિણામો ભોગવવાં પડે છે. ઇશ્વરની આજ્ઞાનો અનાદર કરવાથી અનિષ્ટ ઉપજે છે.

૩. દુઃખ, વેદના અને બીમારી શિક્ષાત્મક હોવાથી ભોગ થનારને માટે તે હિતકારક નીવડે છે. એવાં દુઃખીતોની સેવા કરનારાંને પણ તે લાભકારક થઇ પડે છે કારણ બીજાંની સહાય કરતાં કરતાં તેમની આધ્યાત્મિક શક્તિ કસાય છે અને વૃધ્ધિ પામે છે. એમ તેઓ પોતે

પાકટ થતાં જાય છે. ક્રૂસવહન (કસોટી), મૃત્યુ, અનિષ્ટ અને એવી અનેક પ્રકારની ઉપાધિઓમાંથી બચી રહેવામાં સાચી સરળતા કે વિજય રહેલો નથી કે સીધેસીધા સરળ રીતે સ્વર્ગમાં પહોંચી જવામાં પણ ખરું સાફલ્ય નથી. ઈશ્વરની કૃપાના આશરે દુઃખને આનંદમાં પલટી નાખવામાં, કસોટી અને મૃત્યુને જીવનમાં ફેરવી નાખવામાં અને અનિષ્ટને શુભમાં ફેરવી નાખવામાં જ ખરી સફળતા રહેલી છે. આથી જ આપણે કલહ અને ઝઘડાના વાતાવરણમાં રહેવું પડે છે-કારણ કે, "....આપણને ઘણાં સંકટમાં થઈને દેવના રાજ્યમાં જવું પડે છે" (પ્રે. કૃ. ૧૪:૨૨).

દુઃખ, કડવાશ, ભૂંડાઈ અને મૃત્યુના અનુભવ વિના તેમનાં વિરોધી શુભ વાનાં જેવાં કે, આનંદ, માધુર્ય, શુભ અને જીવનનો ખરો અર્થ સમજી શકાય નહિ. માટે ઈશ્વરના શાસનમાં સર્વકાલીન સુખના યુગમાં પ્રવેશ કરતાં પહેલાં બધી વિપરિત પરિસ્થિતિઓનો અનુભવ કરી લઈને તેમાં પણ ઈશ્વરની સંગત માણીએ એવી ઈશ્વરની ઈચ્છા છે.

૪. દરિયામાં રહેતી કાલુ માછલીને અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠવી પડે છે. સૂક્ષ્મ જંતુ કે રેતીનો કણ તેની છીપમાં ભરાઈ જાય તો તેને સતત ખૂંચ્યા કરે છે. પણ એ પરિસ્થિતને લીધે જ છીપમાં સુંદર મોતી બંધાય છે. સુંદર મોતીની પણ યોગ્ય સંભાળ ન લેવાય તો તેની ચમક ઊડી જાય છે. તેને તૈલી પદાર્થો લાગે તો ઝાંખું પડી જાય અને અમુક વખતે ભૂખરો ભૂકો થઈને ધૂળ જેવું થઈ જાય છે. કેટલીક જૂના જમાનાની કબરો ખોલતાં મુડદા સાથે મૂકેલાં

મોતીની એવી દશા થયેલી જોવામાં આવી છે.

સુંદર આધ્યાત્મિક જીવનનું ઘડતર કરવું હોય તો દુઃખ અને સતાવણીમાં થઈને પસાર થયા વિના છૂટકો નથી. એવું ઉચ્ચ આધ્યાત્મિક જીવન સિધ્ધ કર્યા પછી પણ નમ્રભાવે, આભારની લાગણીથી અને પ્રેમભાવથી પ્રભુની સંગતમાં સતત રહેવાનું ચૂકીએ તો ઉચ્ચ આધ્યાત્મિક જીવનમાંથી વિનાશમાં ગબડી પડવાનું જોખમ પણ હંમેશા હાજર રહે છે (૧ કોરીંથી. ૧૦:૧૨). માટે પ્રાર્થના સહિત સતત જાગૃત રહેવાની જરૂર છે.

૫. સેંકડો કે હજારો વર્ષોથી પૃથ્વીના પેટાળમાં ગરમી અને ઠંડીની અસરમાં તવાઈને આખરે હીરા અને એવાં કીમતી સુંદર રત્નો તૈયાર થાય છે. એ જ પ્રમાણે આપણે પણ આનંદ અને દુઃખના વિવિધ અનુભવો દ્વારા પ્રાકટતા પ્રાપ્ત કરવાની છે. હીરા, માણેક વગેરે સુંદર રત્નો કંઈ એક બે દિવસમાં એવું સંપૂર્ણ સૌંદર્ય સિધ્ધ કરી શકતાં નથી! માણસે પ્રયત્નો કરીને બનાવટી રત્નો તૈયાર કર્યા છે ખરાં પણ ઝીણવટથી પારખતાં તેમાંની ખામીઓ પકડાયા વિના રહેતી નથી. માટે આપણે એક જ દિવસમાં આસાનીથી સંપૂર્ણતા સિધ્ધ કરી લઈશું એવી ખોટી આશામાં રહેવું નહિ. એક જ દિવસમાં આપણે સંપૂર્ણપણે દોષરહિત થઈ જઈશું એમ પણ માનવું નહિ. આપણા સ્વર્ગીય પિતાની ગાઢ સંગતમાં સતત રહીને આપણે ક્રમે ક્રમે સંપૂર્ણતા તરફ પહોંચી શકીએ છીએ.

૬.ભારે આંધી અને વરસાદનાં તોફાનો ખૂબ વિનાશક જણાય છે ખરાં પણ તેનાથી પણ કંઈક લાભ થાય છે. તેનાથી અનેક પ્રકારના રોગનાં અને મરકીનાં જંતુ તણાઈ જાય છે. એથી આપણી તંદુરસ્તી સચવાય છે અને તેઓ એમ આશીર્વાદરૂપ નીવડે છે એવી જ રીતે પવિત્ર આત્માનો ઉચ્છવાસ પણ આપણને લાભકારક નીવડે છે. (યોહાન ૩: ૮). ઉપાધિ અને અડચણોનાં વાવાઝોડાં દ્વારા આપણું આધ્યાત્મિક સ્વાસ્થ્ય જળવાય છે અને એમ તે વરદાન જેવાં નીવડે છે. સૂર્યની ગરમીથી પાણીની વરાળ થાય તે ઊંચે ચઢી વાદળાં બને અને તે વરસાદરૂપે વરસે છે. રણપ્રદેશોમાંથી ગરમ વાયુ વાય છે. એ પ્રમાણે ન્યાયીપણાના સૂર્યમાંથી જીવનની નદી વહી નીકળે છે અને આપણને જીવન બક્ષે છે.

૭. આધ્યાત્મિક ભૂખની તૃપ્તિ ઈશ્વરની સંગત દ્વારા મળે છે એટલું પણ ભાન ન હોય તેવા માણસો પણ હોય છે. આ લોકમાં એવી તૃપ્તિ મળવી અશક્ય છે એમ જાણીને અને ભવિષ્યમાં શું હશે તે વિષે અજ્ઞાન હોવાથી નિરાશ થઈને એવા લોકો જીવનનો અંત લાવવા પ્રેરાય છે. કેવળ અધમ અને ગુનેગાર લોકો જ એમ કરવા પ્રેરાય છે એવું પણ નથી. કેટલાક તત્વજ્ઞાનીઓ પણ એ રસ્તે જવા લલચાયા છે.

એની સામે ખરી આધ્યાત્મિક ભાવનાવાળા ખ્રિસ્તી માણસો દુનિયામાં ઘણાં દુઃખો સહન કરે છે. જેમ જેમ તેઓના આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ થતી જાય છે તેમ

તેમ તેમના જીવનમાં અડચણો, અવરોધો અને દુઃખોનું પ્રમાણ પણ વધતું જાય છે. આ વાત સામાન્ય લોકો સમજી શકતા નથી અને તેથી તેમનાં મંથનો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી મદદરૂપ થવાને બદલે તેઓ વિરોધ દર્શાવી સામનો કરે છે. એવા સંજોગોમાં પણ ખરા ખ્રિસ્તીઓ પોતાના જીવનનો અંત આણવાનો વિચાર કરતા નથી. તેમાનામાંથી "સ્વ" નો લોપ થયો હોવાથી અને ઈશ્વરની સંગતનો આનંદ અનુભવતા હોવાથી તેઓ આંતરિક શાંતિનો અનુભવ કરતા હોય છે. માણસની આધ્યાત્મિક ગરજો ઈશ્વર દ્વારા સંતોષાય છે ખરી છતાં તેને પોતાના સાથી માનવોની સંગત તેમ જ સહાનુભૂતિ પણ જોઈએ છે. સમાજ જો માણસને તરછોડે તો તેની આવી સામજિક હમદર્દીની ઊણપ ખ્રિસ્ત મારફતે પૂરી થઇ શકે છે કારણ કે ખ્રિસ્ત ઈશ્વર તેમ જ માણસ બંને સ્વરૂપે પૂર્ણ છે. માણસની ઉપાધિઓ અને દુઃખો તે સૈધ્ધાંતિક રીતે જ નહિ પણ અંગત અનુભવને લીધે પણ ઘણી સારી રીતે સમજી શકે છે. કારણ કે તેણે માનવદેહ ધારણ કરેલો હોવાથી દુઃખ અને વેદના શું છે તેનો તેને જાત અનુભવ થયેલો છે. આથી દુઃખી અને પીડિતોની સાથે એકભાવનો થઈને તે તેમની સાથે સહદુઃખી થઇ શકે છે (હેબ્રી. ૨: ૧૮).

૮. સદાચારી અને આધ્યાત્મિક ભાવનાવાળા માણસોને દુઃખો વેઠવાંનાં આવે જ છે (૨ તિમો. ૨:૧૨). એક તો સામાન્ય જનતા તેમનું જીવન બરાબર સમજી શકતી નથી. વળી સત્ય સમજવા માટે અને તેનું ખરું

મૂલ્યાંકન કરવા માટે જે વિવેકબુધ્ધિ અને લાગણીશીલતાની જરૂર પડે છે તે પાપને લીધે બહેર મારી જાય છે. ત્યારે સત્યનિષ્ઠ માણસને જોતાં લોકોને થાય છે કે આના આચારવિચાર અને પ્રકૃતિ અમારાં કરતાં જુદાં છે અને તેનો અમારી સાથે મેળ બેસતો નથી માટે તેને આપણા માળખામાં બંધ બેસાડવો જોઇએ. એમ કરીને તેઓ તેની સતાવણી શરૂ કરે છે. જેઓની આધ્યાત્મિક લાગણીશીલતા અને વિવેકબુધ્ધિ જાગૃત અને સતેજ હોય તેઓ સત્યને ઝટ ગ્રહણ કરીને તેને ટેકો આપે છે. સત્યનિષ્ઠ માણસોના જીવનની મોહક સુવાસથી તેઓ પ્રભાવિત થાય છે. ખરા ખ્રિસ્તી માણસનું જીવન ચંદનવૃક્ષ જેવું હોય છે. જે કુહાડો તેને કાપે છે તેને કશું નુકસાન ન કરતાં ઊલટું પોતાની સુગંધથી તેને પણ સુગંધમય કરે છે.

હેનરી સુસોનને સંદર્શધ્વારા ઈશ્વરે કહ્યું "તારું શુભ નામ ધૂળમાં મળી જશે. પ્રેમ અને વફાદારીના બદલે દગોફટકો, દુઃખ અને વેદના તને મળશે." મોટા ભાગના ખરા ખ્રિસ્તીઓને પણ આવો જ અનુભવ થતો હોય છે.

ઈશ્વરનો ડર રાખીને આચરણ કરનારાં પેગંબરોને, પ્રેષિતોને તેમ જ આપણા પ્રભુને પણ જીવનમાં સતાવણી જ જો ભરપટ્ટે મળી હોય તો પછી આપણે દુનિયામાં સુખચેનની આશા શા આધારે રાખી શકીએ? જો આપણે એવી આશા રાખીએ તો તેનો અર્થ તો એ જ થાય કે આપણે ઇશ્વર તરફથી મોં ફેરવી લઇ જગતના પક્ષે જોડાવા માગીએ છીએ. બીજી રીતે જોતાં પ્રભુની સાથે

દુઃખમાં સહભાગીદાર થવાનું મળે તે મોટો ધર્મલાભ ગણાય (ફિલીપી. ૩: ૧૦). એથી નિર્મિત સમયે તેની સાથે મહિમામાં સહભાગીદાર થઈ શાસન કરનાર પણ થઈ શકીશું (૨ તિમો. ૨: ૧૨).

૯. પોતાનું અંતિમ ધ્યેય સિધ્ધ કરવા જતાં માણસને દુઃખ, વેદના અને કસોટીના અનુભવોમાંથી પસાર થવું પડે છે. એવા અનુભવો આધ્યાત્મિક વિકાસ માટે જરૂરી હોવાથી ઈશ્વર પોતાની ઈચ્છાથી આપણને એવી પરિસ્થિતિમાં મૂકે છે,નહિ તો તે આપણને એવાં દુઃખોમાંથી સહજ રીતે બચાવી લેત. ઈશ્વરની ઈચ્છાનો વિરોધ કરનાર અને સામો પ્રશ્ન કરનાર આપણે કોણ? માટે આપણા પર જે જે આવી પડે તે હર્ષપૂર્વક સ્વીકારી લઈએ. શંકા આપણને ઈશ્વરથી વિમુખ કરે છે માટે મનમાં શંકાને પેસવા જ ન દેવી. મન શંકાશીલ થતાં ઈશ્વર સાથે ઐક્ય કરાવનાર વલણો અને વૃત્તિઓ નિષ્ક્રિય થઈ જાય છે અને મનનો આનંદ કરમાઈ જાય છે.

દુનિયામાં છીએ ત્યાં સુધી સુખદુઃખ બંનેનો અનુભવ લેવાનો છે. મધમાખ મધ એકઠું કરે છે પણ ખાસ હેતુસર ડંખ પણ હોય છે. સુંદર સુવાસિત ગુલાબની સાથે છોડ પર કાંટા પણ હોય છે. તે કંઈ હેતુ રહિત હોતા નથી. પાઊલના દેહમાંનો કાંટો પણ હેતુસર મુકાયો હતો (૨ કોરીંથી. ૧૨:૭-૧૦). આમ વિવિધ અનુભવો મારફતે શાશ્વત ધ્યેયને સિધ્ધ કરીએ એ જરૂરનું છે.

# ૫. ભૂંડાઇ એટલે શું?

૧. "ભૂંડાઈ અસ્વાભાવિક છે. તે આપણી પ્રકૃતિથી વિરુધ્ધ છે." (વીચકોટ). જેમ અસ્થાને પડેલી ધૂળ ગંદકી ગણાય તેમ શુભનો અયોગ્ય કે ખોટો ઉપયોગ થાય તે અનિષ્ટ કે ભૂંડું ગણાય. કોઈ પ્રકારની આપત્તિથી જ અનિષ્ટ કે ભૂંડું પેદા થાય છે. કંઈક લાભ મેળવવા માટે દુષ્ટાઈ આચરવામાં આવે છે. ભૂંડું કરનાર દુષ્ટાઈ કરવા માટે જ આચરણ કરતો નથી. ગમે તેવો પાપી કે દુષ્ટ માણસ પણ જાણી જોઈને પોતાનું અહિત કરવા ઈચ્છતો નથી. "દુષ્ટ ભાવના અને દુષ્ટ શબ્દોમાં પણ કંઈક આંતરિક શુભભાવના છુપાયેલી હોય છે."

ઈશ્વરની સૃષ્ટિમાં દુષ્ટાઈ અંતર્ગત રહેલી નથી. ભૂંડાઈ માણસનો વિનાશ કરે છે. પોતાની ઝેરી અસરથી તે બીજાંનો નાશ સિધ્ધ કરે છે. પણ એ જ અસરથી અંતે તેનો પોતાનો પણ નાશ થવાનો છે. શુભ જ શાશ્વત ટકનારું છે, કારણ કે તે ઈશ્વરનું એક લક્ષણ છે. અશુભ પણ શાશ્વત વ્યક્તિત્વના લક્ષણરૂપ હોય તો જ તે અક્ષર ગણાય. અશુભ શેતાનનું લક્ષણ છે એમ કહેવું પણ સર્વથા યોગ્ય નથી. ઈશ્વરે શેતાનને પેદા કર્યો ત્યારે તે સારો હતો પણ પાછળથી પોતાની સ્વતંત્ર ઈચ્છાના આધારે તે દુષ્ટ થઈ ગયો. આથી અનિષ્ટ સર્વકાલીન નથી એ સમજી શકાય છે. એનો આદિ હોવાથી તેનો અંત પણ થશે જ. અશુભ જાતે જ વિનાશ નોતરનારું હોવાથી તેનો અંત તો અવશ્ય થશે જ.

૨. ચીનનો એક વિખ્યાત તત્વેત્તા ચુફુત્સુ કહે છે કે વ્યકિતના જન્મ સમયે તેનું વ્યક્તિત્વ એક સ્વચ્છ ઝરણા સમાન હોય છે. તે ડુંગરા અને મેદાનોમાંથી વહેતાં વહેતાં કાદવ અને ગંદકી ખેંચી લાવીને ડહોળું અને ગંદું થઇ જાય છે, જયાં એનો પ્રવાહ અટકે ત્યાં કાદવકચરો ઠરીને પાણી ફરી ચોકખું થાય છે. બીજો એક તત્વજ્ઞાની મેન્સીયસ માણસને અનાજના દાણા સાથે સરખાવે છે. દાણો પોતે સારો કે નરસો નથી પણ જમીનમાં વવાયા પછી તેને મળતાં ખાતરપાણી અને જમીનનાં તત્વોના આધારે અનાજ સારું નરસું થાય છે. આથી એમ સમજવાનું કે માણસની મૂળભૂત પ્રકૃતિ સારી છે પણ પરિસ્થિતિ અને સંજોગોને લઇને તેનામાં દુષ્ટાઇ પ્રવેશ કરે છે.

અમુક પ્રમાણમાં આ કથનમાં સત્ય છે પણ માણસનું મૂળભૂત વલણ પાપ તરફી છે એ સત્યનો ઇનકાર થઇ શકે તેમ નથી. માણસ કુદરતી રીતે જ ભૂંડાઇ તરફ વળી જાય છે. લોકો માને છે કે નાનાં બાળકો ભોળાં અને નિર્દોષ હોય છે. ઓગણીસમી સદીનો વિદ્વાન તત્વવેત્તા હર્બટ સ્પેન્સર કહે છે કે બાળકો નિર્દોષ હોય છે. એ સૂત્ર જ્ઞાન સંબંધી સાચું છે. પણ દુષ્ટવૃત્તિમાં તો બાળકો નિર્દોષ હોય એમ લાગતું નથી.

૩. માણસ પોતાની આધ્યાત્મિક ભૂખ અને તરસને સંતોષવા માટે પ્રયત્ન કરે છે પણ અજ્ઞાન અને મૂર્ખાઇને લીધે તે ઘણી વાર ખોટી રીતો અને ઉપાયો દ્વારા તૃપ્તિ ખોળે છે, એથી તેના આચરણમાં દુષ્ટાઇ પ્રવેશી જાય છે અને

ઇશ્વરના આદેશોનો અનાદર કરવા માંડે છે. આના પરિણામે તૃપ્તિ મળવાને બદલે તેનો નાશ થવાનું જોખમ ઊભું થાય છે. એક વખતે હિમાલયમાં પ્રવાસ કરતાં કરતાં એક યાંત્રિકના જોવામાં એક સુંદર ફળ આવ્યું. ભૂખ લાગેલી હોવાથી લલચાઇને તેણે તે ફળ ખાધું પણ તે ઝેરી હોવાથી તેની ભૂખનો અને જીવનનો પણ સાથે જ અંત આવ્યો. તૃપ્તિને બદલે મોત મળ્યું.

૪. શરીર પર ઘા પડે કે અંદર રોગ દાખલ થાય તો શરીરમાં બે પ્રકારનાં જંતુ વચ્ચે યુધ્ધ ચાલે છે. એક પ્રકારનાં જંતુ સ્વાસ્થ્ય જાળવી રાખનારાં હોય છે અને બીજા પ્રકારનાં જંતુ રોગ પેદા કરનારાં હોય છે. જે પ્રકારનાં જંતુ સંખ્યામાં અને શક્તિમાં ચઢિયાતાં હોય તે જીવીને બીજા પ્રકારનાં જંતુનો નાશ કરે છે. સ્વાસ્થ્ય જાળવી રાખનારાં જંતુનો જય થાય તો શરીરમાં રોગનો ચેપ દબાઇ જાય છે અને સ્વાસ્થ્ય જળવાઇ રહે છે પણ રોગજનક જંતુ જીતે તો શરીરમાં રોગ જોર પર આવી કદાચ શરીરનો અંત પણ લાવી દે. આ જ વાત સારા અને નરસાને પણ લાગુ પડે છે. કસોટીના સમયે સારા વિચારોનું દુર્વિચારો પર વર્ચસ્વ જામે તો આધ્યાત્મિક સ્વાસ્થ્ય જળવાઇ રહે અને સાચો આનંદ પ્રાપ્ત થાય. ઇશ્વરકૃપાથી એક સમય એવો આવશે કે ઇશ્વરની પ્રજા અંતિમ વિજય પ્રાપ્ત કરશે અને અશુભનો નાશ થશે. કારણ કે શુભ અક્ષય છે. અને જેઓ ઇશ્વરની ઇચ્છાનુસાર આચરણ કરી શુભના ઝરણરૂપ જીવન ગાળે છે, તેઓ અક્ષય હોઇ શાશ્વતકાળી ટકે છે.

# ૬. દુષ્ટ જીવન અને દુષ્ટ વિચારોની અસર

૧. "ઓકેવૃક્ષના કુમળા પાનમાં ડંખ મારીને અમુક પ્રકારની માખી ચેપ દાખલ કરે છે. થોડા સમય બાદ ત્યાં એક ગાંઠ પેદા થાય છે. દુષ્ટ વિચાર પણ એવો છે. દુષ્ટ મિત્રની અધમ સૂચના પણ ડંખના ચેપ જેવી છે."

સાપ કે વીંછીના ડંખના ઝેરની અસર તેના પોતાના વર્ગના બીજા સાપ કે વીંછીને થતી નથી. તેઓ અન્ય વર્ગનાં બીજાં નિર્દોષ પ્રાણીઓને હાનિ પહોંચાડે છે. દુષ્ટોના જીવનની ઝેરી અસર બીજા દુષ્ટો પર ખાસ થતી જણાતી નથી પણ સજ્જન અને આદરણીય લોકોને ઘણું નુકસાન કરી જાય છે.

૨. જાવામાં યુપસ નામનો એક છોડ થાય છે. અમેરિકામાં આઈવી નામની એક વેલ થાય છે. આ બંનેમાં એક પ્રકારનો ઝેરી રસ કે તૈલી પદાર્થ બને છે અને હવા દ્વારા વાતાવરણમાં પ્રસરે છે. ઘણા લોકોને એવી ઝેરી હવાથી ગંભીર બીમારી પેદા થાય છે. દુષ્ટોની પણ ઝેરી અસર એવીજ રીતે ચારે બાજુ ફેલાય છે. તેનાથી અનેક આધ્યાત્મિક રોગો પેદા થાય છે. ઘણા તેનો ભોગ થઈ નાશ તરફ ધકેલાઈ છે.

૩. જે સૂક્ષ્મ જંતુઓ ખૂબ સખત લાકડાને કોરી ખાય છે અને ઊંડાણમાં સમુદ્રમાંના ખડકોને કોરી કોરીને દર બનાવે છે તે ઘણાં નાજૂક હોય છે. છતાં તેમના લીધે સખતમાં સખત લાકડું કે સમુદ્રતળના ખડકો કાણાં કાણાં

થઇ પોચા પડી જાય છે અને બિન ઉપયોગી થઇ જાય છે, તે પ્રમાણે દુષ્ટ વિચારો કે ખરાબ ટેવો ગમે તેટલાં તુચ્છ કે ક્ષુદ્ર લાગતાં હોય તોપણ તે આપણા જીવનને કોરી ખાઇને તેમને પોલાં અને નકામાં કરી દે છે. ઇશ્વરસહાય વડે તેમને શરૂઆતથી દૂર ન કરીએ તો પરિણામે જીવનનો વિનાશ થાય છે.

૪. ઝેરી સર્પટિયાં શિકારને ડંખ મારી તેમાં ઝેર પૂરે છે અને તેનાથી મૃત્યુ નીપજે છે. માંકડ અને માખી એવાં ઝેરી નથી પણ તેથી તેઓ ઓછાં હાનિકારક ન સમજવાં. તેઓ ઘણા પ્રકારના જીવલેણ રોગો ફેલાવે છે, અને ઘણાના મૃત્યુના કારણરૂપ બને છે. કેટલાક લોકો પણ એવા હોય છે. તેઓ ઉપર ઉપરથી જોતાં નિર્દોષ જણાય છે. તેઓ ખૂની લૂટારા કે એવા ભારે ગુના કરનાર હોતા નથી, પણ નુકસાનકારક વાતો હળવેથી ફેલાવીને પોતાની ઝેરી અસરથી ઘણું ભારે નુકસાન કરે છે.

૫. એક પ્રકારનું નાનું જીવડું થાય છે. તે ફળ નાનું હોય ત્યારે તેમાં પેસી જઇ અંદર ઘર કરી રહે છે અને ઇંડાં મૂકી વંશ વૃધ્ધિ કરે છે. ફળ મોટું થતાં મૂળ છિદ્ર પુરાઇ જવાથી જીવડું અંદર કેવી રીતે ગયું તે સમજાતું નથી. બહારથી ફળ સારું ખાવાલાયક દેખાય છે.પણ અંદરથી તે ખવાઇ ગયું હોવાથી તદ્દન નકામું થઇ ગયું હોય છે. એમ જ ખરાબ વિચાર અને ખરાબ ટેવનાં ક્ષુદ્ર જીવડાં માનવહૃદયમાં નાનપણમાં પેસી જાય છે. તેઓ અંદર વધતાં રહે છે અને અંતે માણસનો વિનાશ નોતરે છે.

નાનપણથી જ ખૂબ સચેત અને સાવધાન રહેવાની જરૂર છે.

મેકસિકો દેશમાં એક પ્રકારના દાણા થાય છે. તેને "કૂદતા દાણા" કહે છે. સૂર્યની ગરમી ખૂબ વધી જાય ત્યારે એ દાણા તાપમાં પડ્યા હોય ત્યાંથી કૂદીને છાંયડે જઇ પડે છે અને ત્યાં સ્થાયી પડી રહે છે. એ દાણાની સૂક્ષ્મ તપાસમાં જણાયું છે કે બી ઘણાં નાનાં હોય ત્યારે તેમાં અમુક પ્રકારનાં જંતુ પ્રવેશ કરી તેનાં અંકુરને કોરી ખાય છે. એવાં બી ઊગી શકતાં નથી. માણસના હૃદયમાં પણ પાપનાં જંતુ પેસી જઇ તેમને ન્યાયના સૂર્યના પ્રકાશ અને ગરમીમાંથી ઉછાળીને અંધકારમાં ફેંકી દે છે. પાપજંતુ જીવનની વિવિધ શક્તિઓ અને જીવનતત્વ ખાઇ નાખી તેને નકામું કરી દે છે.

૬. ઇશ્વરે માણસને પોતાના સ્વરૂપ પ્રમાણે બનાવ્યું હોવાથી જો માણસ ચાહીને પાપમાં ન પડે તો તેને બીજી કોઇ રીતે બીજું કોઇ કશી હાનિ પહોંચાડી શકે તેમ નથી. આથી મનુષ્ય પોતે જ પોતા પર દુઃખ ખેંચી લાવે છે.

આપણા પાપકર્મથી ઇશ્વર ખોટમાં ઊતરતો નથી. આપણે પોતે અને આપણી સાથે સંકળાયેલાં બીજાંને આપણા પાપની હાનિકારક અસર પહોંચે છે. પ્રેમસ્વરૂપ ઇશ્વર તો પાપનાં અનિષ્ટ પરિણામોથી આપણું રક્ષણ કરવા ઇચ્છે છે. તે તો ઇચ્છે છે કે આપણે તેની સંગતમાં હંમેશાં આનંદ માણીએ, પણ પાપ અંતરાયરૂપ નીવડે છે. માણસો અરસપરસ સંબંધો હોવાથી પાપની હાનિ પણ એકબીજાને

લાગે છે. કોઇ ફક્ત એકલાનું જ અહિત કરી શકે તેમ નથી. આપણી સારી કે નરસી અસર આપણા સંસર્ગમાં આવનાર બધાંને લાગ્યા વિના રહેતી નથી. માટે પસ્તાવો કરવો, એટલે જે વાનાં આપણને અને બીજાંને હાનિકારક હોય તે હવેથી તજી દેવાં અને જાખીની પેઠે ઇશ્વરની સહાયદ્વારા ભૂતકાળનું કરેલું નુકસાન ભરપાઇ કરવાનો સંકલ્પ કરવો (જુઓ લુક ૧૯: ૮-૧૦).

## ૭. ખ્રિસ્તમય જીવન

૧. જીવન લોહીમાં રહેલું છે. ખ્રિસ્તના લોહીવહનથી આપણને જીવન મળે છે. રોગ થતો અટકાવવા રોગનિરોધક રસી મૂકવામાં આવે છે. ખ્રિસ્તના લોહીના ઇન્જેકશન વડે હરેક પ્રકારના જીવલેણ રોગ અને મૃત્યુમાંથી પણ બચાવ થાય છે. આખી સૃષ્ટિ એક દેહ સમાન છે. શરીરમાં એકાદ ભાગના દર્દ માટે ઇન્જેકશન આપવામાં આવે તો તેની અસર આખા શરીરને પહોંચે તેમ ખ્રિસ્તના લોહી સંબંધી પણ સમજવાનું છે. ખ્રિસ્તને દશ્ય અને અદશ્ય વિશ્વના એક ચોક્કસ વિસ્તારમાં જ એટલે કે આ પૃથ્વી પર એક પ્રદેશમાં વધસ્તંભ પર લટકાવવામાં આવ્યો હતો છતાં તેથી આખા વિશ્વને તેની અસર પહોંચી છે. દુનિયાના ઉધ્ધાર માટે યરૂશાલેમ જેવા એક નાના સ્થળે તે બલિદાનરૂપે હોમાયો હતો છતાં એ ઘટનાદ્વારા થયેલો લાભ મેળવવાને પાત્ર આખી દુનિયા છે. જેમ આખા શરીરમાં

આત્મા વ્યાપી રહ્યો છે તેમ આખા વિશ્વમાં ઈશ્વર વ્યાપી રહેલો છે. સંત બોનાવેન્ચુરા કહે છે તેમ તેનું કેન્દ્ર સર્વત્ર હોય છે પણ તેનો પરિઘ કે સીમા ક્યાંય મળે તેમ નથી.

૨. ખ્રિસ્ત આપણે ખાતર પાપરૂપ થયો કે પાપી થવાનું સ્વીકાર્યું અને એ માટે મૃત્યુ વેઠયું. એક ભલા માણસની વાત છે. અમુક અધમ લોકોને તેમનાં પાપકૃત્યોના પાશમાંથી છોડાવવા તેણે તેઓની સાથે તેમના જેવા થઈને રહેવાનું સ્વીકાર્યું. માનવજાત માટે ખ્રિસ્તે પણ એમ જ કર્યું. ભૂંડા લોકો વચ્ચે એકાદ સારો માણસ રહેતો હોય તો તે જોઈ સામાન્ય જનતા તો એવો અભિપ્રાય બાંધે કે એ માણસ પણ એમના જેવો જ દુષ્ટ હોવો જોઈએ, નહિ તો એમની સાથે એને રહેવું ફાવે જ નહિ. એવું જ પેલા સજ્જન માટે થયું. પેલા દુષ્ટ લોકો ગુનામાં પકડાય ત્યારે સાથે તે સારા માણસને પણ પકડી જવામાં આવતો અને પેલાઓની સાથે તેને પણ દંડ કે સજા વેઠવાં પડતાં. એક વખતે કોઈ ભારે ગુનો થતાં તેને પકડીને મરણદંડની સજા ફરમાવવામાં આવી અને તે તેણે મુંગે મોંએ આનંદપૂર્વક સ્વીકારી લીધી. તેની સાથેના દુષ્ટ લોકોને તો તેના નિર્દોષપણાની ખબર હતી અને તેથી તેણે આવું ગંભીર પરિણામ પોતા પર વહોરી લીધું ત્યારે તેઓને ખૂબ લાગણી થઈ આવી. તેઓમાંના ઘણાએ પોતાનાં દુષ્કૃત્યોનો પસ્તાવો કર્યો અને દુષ્ટ જીવન તજી દીધું. પ્રભુ ઈસુએ પણ એ જ પ્રમાણે કર્યું છે. તેના ઉધ્ધારક કાર્યની અસર સદાકાળ ટકી રહે છે. જેમ જેમ પાપીઓ તેના અદ્‌ભુત પ્રેમની અસર

નીચે આવીને પોતાનું મન પશ્ચાત્તાપ ધ્વારા તેના પ્રત્યે વાળે છે તેમ તેમ તેમના આત્મામાં પરાક્રમસહિત તે પરિવર્તન કરીને તેમને જીવન બક્ષે છે. તેમનો નવો જન્મ થાય છે. તેઓ એક નવી જ કૃતિ બને છે અને પ્રભુ ઈસુને અનુરૂપ થતા જાય છે.

૩. ઈ. સ. ૧૯૨૧માં એક વાર હિમાલયના જંગલમાં આગ લાગી. ઘણા લોકો પ્રયત્ન કરીને તેને હોલવવા મથી રહ્યા હતા. તેમાંના અમુક જણ એક ઝાડ પરનાં માળા સામે તાકી રહ્યા હતા. ધારીને જોતાં મને જણાયું કે માળામાં નાનાં નાનાં બચ્ચાં હતાં. અને તેમને બચાવવા એક નાનું પક્ષી ઝાડમાં ફાંફાં મારતું અટવાઇ રહ્યું હતું. મેં તેમને પૂછ્યું, “ત્યાં શું કરવા તાકી રહ્યા છો? શું વિચાર છે?” તેમણે જવાબ દીધો કે અમારે પેલાં બચ્ચાંને ઉગારી લેવાં હતાં પણ હવે કશો ઉપાય રહ્યો નથી કારણ કે ઝાડની ચારે બાજુ આગ ફરી વળી છે. આખરે અમે બધાં નિ:સહાય થઈને જોઇ રહ્યા કે હવે પક્ષી શું કરે છે. થોડી મિનિટોમાં તો ઝાડ ભડ ભડ ભડકે બળવા લાગ્યું. અમે ધાર્યું કે ઝાડથી બચવા પેલું પક્ષી બચ્ચાંને છોડીને દૂર જતું રહેશે પણ બચ્ચાંની મા તો પોતાની પાંખો ફેલાવીને બચ્ચાંને ઢાંકીને તેમનું રક્ષણ કરતી માળામાં બેસી ગઇ. તે જોઇ અમે દિગમૂઢ થઇ ગયા. બચ્ચાં સાથે મા પણ થોડી જ ક્ષણોમાં બળીને ખાખ થઇ ગઇ.

આવો બનાવ મેં કદી જોયો ન હતો. મેં ત્યાં ઊભા રહેલા લોકોને કહ્યું “પ્રેમનું આવું અદ્‌ભુત દશ્ય જોઇ

આપણે આશ્ચર્ય અનુભવીએ છીએ. પણ આપણે વિચાર કરીએ કે જેણે એક નાના પક્ષીના દિલમાં આવો નિઃસ્વાર્થ પ્રેમ ભર્યો છે તે ઈશ્વરનામાં પોતાનામાં આપણાં બધાં માટે કેવો ભવ્ય અને વિશુધ્ધ પ્રેમ ભર્યો પડ્યો હોવો જોઈએ? ખરું જોતાં તો જીવન અને પ્રેમનું મૂળ તે પોતે જ છે. આવા અસીમ પ્રેમનાં ખેંચાણને લીધે તેણે આ દુનિયામાં અવતાર ધારણ કર્યો. આપણે પાપ અને દુષ્ટતામાં વિનાશના માર્ગે જઈ રહ્યા હતા ત્યારે પોતાનું સમર્પણ કરી તે બલિદાન થઈ ગયો.''

૪.અસંખ્ય માણસોના જીવનમાં થતા અનુભવો દ્વારા આ વાત સાબિત કરી શકાય તેમ છે. દરેક ખરો ખ્રિસ્તી આ પ્રેમ કેટલો ઉપયોગી, હિતકારક અને જીવનદાયક છે તેની પ્રતિતી કરાવી શકે તેમ છે.

ઈ. સ. ૧૯૨૨ના ફેબ્રુઆરીમાં એક મિત્ર સાથે હું પાલેસ્ટાઈન ગયો ત્યારે યાકૂબનો કૂવો જોવા જવાની તક મને મળી હતી. તે કૂવાનું ઠંડું પાણી પીતાં મને અદ્‌ભુત આનંદ અને સુખ પ્રાપ્ત થયાં. પણ બે કલાક પછી ફરી મને તરસ લાગી, ત્યારે પ્રભુનાં વચનો મારા મનમાં યાદ આવી ગયાં. જે કોઈ આ પાણી પીશે તેને ફરી તરસ લાગશે પણ હું જે પાણી આપું છું તે જે કોઈ પીશે તેને ફરી તરસ લાગશે નહિ. (યો. ૪: ૧૩, ૧૪). જોકે યાકૂબના કૂવાનું પાણી પીધા પછી થોડા જ સમયમાં મને તરસ લાગી હતી, પણ આજકાલ કરતાં ૨૦ વર્ષથી મેં પ્રભુને મારું હૃદય સમર્પિત કર્યું છે અને તેનું આપેલું પાણી પીધું છે. અત્યારે હું

આભારસહિત જાહેર કરી શકું છું કે એ જળ પીધા પછી હજી ફરી તરસ લાગી નથી, કારણ કે તે તો ખુદ જીવન જળ છે.

૫. ખ્રિસ્ત અંગે એક બીજા લેખકનું મંતવ્ય અહીં નોંધવું અસ્થાને નહિ ગણાય. ખ્રિસ્તનાં વચનો "આત્મા અને જીવન" સમ છે. (યો. ૬: ૬૩). તે અંગે તે લેખક કહે છે: " ખ્રિસ્તના જમાનામાં તે દેશમાં પ્રચલિત જ્ઞાનની બાબતો અને ખ્રિસ્તે શિખવેલી બાબતોની તૂલના કરો, અથવા બીજા કોઈ પણ યુગના અને દેશના જ્ઞાન સાથે ખ્રિસ્તના શિક્ષણની તૂલના કરી જુઓ. તેનાં વચન અને કાર્યના પરાક્રમદ્વારા કેવી ભારે સિધ્ધિ પ્રાપ્ત થઈ શકી છે તેનો વિચાર કરો. ખ્યાલ કરો કે બીજા કોઈ મહાન ચિંતક કે ઋષિએ આવા ઉચ્ચ આદર્શો રજૂ કર્યા નથી. કોઈએ ઈશ્વર તરફ કે માનવ પ્રત્યે એના જેવો ઉત્કટ પ્રેમ પ્રદર્શિત કરી બતાવ્યો નથી. જો કોઈ દલીલ કરે કે ઈસુ જેવો કોઈ માણસ જ થયો નથી અને તેના વિષેની બધી વાતો કપોળકલ્પિત પરીકથાઓ કે બનાવટી વાતો છે તો પછી આપણે એમ પણ માનવું પડે કે પ્લેટો કે ન્યુટન જેવા માણસો પણ થયા નથી. પણ તેમણે તો કેવી કેવી ભારે સિધ્ધિઓ મેળવી હતી? એમણે નહિ તો પછી બીજા કોણે ભવ્ય વિચારો ચિંતવ્યા હતા? ન્યુટન એ કલ્પિત પાત્ર છે એમ સાબિત કરવા માટે પણ ન્યુટન જેવી બુધ્ધિપ્રભા ધરાવતા બીજા માણસની જરૂર પડે! તેમ જ ખ્રિસ્તના

જીવનની વાસ્તવિકતા જ તેના વ્યક્તિત્વની ખરી પ્રતીતિ કરાવી શકે.''

પાપી વલણ અને નિરંકુશ વાસનાઓને કાબૂમાં રાખવા માટે બુધ્ધિ, સંસ્કાર કે નીતિનિયમોનું બળ પૂરતું શક્તિશાળી નથી અને એ બધાં ખાસ સહાયક થતાં નથી. ઈશ્વરની કૃપા વગર તેના તરફથી સહાય મળતી નથી. ઈશ્વરની સહાય છોડી ફક્ત દુન્યાઇ ડહાપણ, કે સારા સંસ્કારનો આધાર લેવા જતાં પાપી વલણમાંથી બચવાને બદલે ઊલટું પાપ અને દુષ્ટાઇનાં અવનવાં રૂપમાં અટવાઇ જવાય છે અને માણસો અરસપરસ નુકસાન કરી એકબીજાનો વિનાશ કરવાની પ્રવૃત્તિમાં પડી જાય છે. પાપવૃત્તિ તથા તેનાં દુષ્પરિણામોમાંથી બચી જવા આપણે ઈશ્વરને સમર્પિત થઇ જવું જોઇએ. તે જ આપણને મુક્તિ અને અનંતજીવન આપે છે.

## ૮. અંત સમયે સમસ્ત માનવજાત પસ્તાવો કરી ઈશ્વરાભિમુખ થશે

૧. ''આપણી બુધ્ધિ અને આપણું બંધારણ એવું છે કે એક સ્વયંભૂ અને અપરિચિત વ્યક્તિમાં શ્રધ્ધા રાખ્યા વિના આપણે રહી ન શકીએ.''જેમ ચકમકમાં અગ્નિ છૂપો રહે છે તેમ માણસના મનમાં ઈશ્વરસંગતની ઇચ્છા છૂપી પડેલી હોય છે. પણ એ ઇચ્છા પાપવૃત્તિ અને અજ્ઞાનતાના ઢગલા

નીચે દબાઇ ઢંકાઇને પડી રહે છે. પણ કદીક કોઇ ઇશ્વરભક્તના સત્સંગથી જ્ઞાનપ્રકાશ લાધે છે ત્યારે તે છૂપી ઇચ્છા જાગૃત થઇને બહાર આવે છે. જેમ ચકમક અને લોઢાના સ્પર્શથી તણખા ઝરે છે તેમ એવા સત્સંગથી અગ્નિ સ્ફૂરે છે.

માણસના મનમાં આધ્યાત્મિક તૃષ્ણા સમાયેલી છે. તે આલોક કે પરલોકનાં બીજાં કોઇ જ વાનાંથી નહિ પણ ફક્ત ઇશ્વરની ઓળખથી જ સંતોષાય તેમ છે. આથી જ જ્યાં સુધી પસ્તાવો કરીને માણસ ઇશ્વરાભિમુખ ન થાય ત્યાં સુધી તે આમતેમ હડસેલા ખાયા કરે છે અને ઠોકરોનો અનુભવ કરે છે.

૨. ઇશ્વર એવું તો ઇચ્છતો નથી કે આપણી અપૂર્ણ તર્કશક્તિ અને અધકચરું જ્ઞાન કામે લગાડી દલીલો કરી ઇશ્વર છે એમ સાબિત કરી આપણા મનને સંતોષ પમાડીએ. તે એવું જો ઇચ્છતો હોત તો પોતા વિષે મૌન રહ્યો ન હોત. તેનું અસ્તિત્વ દલીલોથી સાબિત કરવાનું હોત તો આપણને સૂઝે તે કરતાં વધુ વજુદવાળી દલીલો તેણે પહેલેથી રજૂ કરી દીધી હોત. પણ ઇશ્વરની ઇચ્છા એવી જણાય છે કે તેના લોકો ઇશ્વરસંગતથી થતા અનુપમ આનંદ દ્વારા ઇશ્વર સંબંધી સાબિતીઓ લોકો સમક્ષ રજૂ કરે. તર્કયુક્ત દલીલો કરવા કરતાં પોતાના અનુભવની શાહેદીદ્વારા પ્રતીતિ કરાવવાથી વધુ ઊંડી અસર થાય છે.

કોઇ માણસે જીવતાં જીવ ઇશ્વરનાં દર્શન કર્યાં નથી

કે તેની વાણી સાંભળી નથી. ઈશ્વરે ભૂતકાળમાં પેગંબરોના મુખદ્વારા અને છેલ્લે પોતાના પુત્રદ્વારા પોતાનું વક્તવ્ય માનવજાતને જણાવ્યું છે. (હેબ્રી. ૧: ૧,૨). એક યહૂદી તત્વવેત્તા ફિલોએ કહ્યું છે કે "માનવવાણી શ્રવણ માટે સર્જાઈ છે પણ ઈશ્વરની વાણી દર્શનદ્વારા ધ્યાન પર આવી શકે છે. ઈશ્વરનું વક્તવ્ય શબ્દોદ્વારા નહિ પણ કૃત્યોદ્વારા પ્રગટ થાય છે." એટલે ઈશ્વર પોતાના સર્જનરૂપી કુદરતના ગ્રંથદ્વારા પોતાની વાણી દર્શાવે છે. માણસો આ કુદરતનો ગ્રંથ વાંચવાની તસ્દી જ લેતા નથી એ ઘણા દુઃખની વાત છે. હર્બર્ટ સ્પેન્સરે કહ્યું છે કે "માણસો બાલિશતામાં મનગમતી નજીવી બાબતોમાં રચ્યાપચ્યા રહીને ઈશ્વરી પ્રકટીકરણ જેવાં ભવ્ય દર્શનો પ્રત્યે ઉપેક્ષા સેવે છે, એ ઘણું દુઃખદ છે. ઈશ્વરના હાથે દુનિયામાં ફલક પર અનેક અદ્‌ભુત અને સૌંદર્યપૂર્ણ વાનાં આલેખાય છે પણ તેમનાં પર નજર નાખ્યા વિના તેઓ મૃત્યુમાં ગરક થઈ જાય છે.

૩. કોઈ મૂર્તિપૂજાનો હિમાયતી કહે છે કે ઈશ્વરને બદલે મૂર્તિની પૂજા કરવાથી મારા મનને સંતોષ થાય છે. તો એ દલીલથી એમ સાબિત થતું નથી કે મૂર્તિના પથ્થરમાં કંઈ શક્તિ હોય. કેટલાક લોકો એવા આધારથી પોતાનું મન ઈશ્વર તરફ એકાગ્ર કરી શકતા હશે અને તેમની શ્રધ્ધાના પ્રમાણમાં તેમને આધ્યાત્મિક સંતોષ પણ પ્રાપ્ત થતો હશે. પણ એવા અધૂરા સંતોષથી જ ધરાઈ જઈ માણસ પ્રગતિ કરતો અટકી જાય એવું મહાજોખમ એવી ઉપાસનામાં રહેલું છે. એમાં તો પોતે પણ પથ્થર જેવા જડ થઈ જવાનો ભય

છે. તેની લાગણીશીલતા બહેરી થતી જાય છે અને તેનું મન નિષ્ક્રિય થતું જાય છે. આથી માનવજાત અને જડ પદાર્થો એ બધાંના સર્જનહાર ઈશ્વરની ઓળખ તેને પ્રાપ્ત થતી નથી. ઈશ્વર સર્વત્ર હાજર છે અને ખરા ઉપાસકોને તેની સંગતથી પૂરી તૃપ્તિ થઈ શકે છે એ તત્વાર્થ તેમના ધ્યાનમાં આવતો નથી.

૪. માણસના સર્જન વખતે એક ઈશ્વરતરફી તત્વ કે બીજ તેના મનમાં મુકાયેલું છે. એ તત્વ કદી પાપાચરણ કે દુષ્ટાઇ તરફ આકર્ષાતું નથી. ભલે માણસ ગમે તેવો દુષ્ટ કે પાપિષ્ટ હોય અથવા ઈશ્વરની વાણી પ્રત્યે ગમે તેટલો અણગમો ધરાવતો હોય કે તેની વિવેકબુધ્ધિ અને લાગણી ભલે બુઠ્ઠી થઇ ગઇ હોય છતાં પણ મનમાં રહેલાં એ તત્વ કે બીજનો કદી નાશ થતો નથી. આથી જ અધમોધમ પાપિષ્ટ કે ભારેમાં ભારે ગુનેગારમાં પણ કંઈક શુભવૃત્તિ દબાયેલી પડેલી માલૂમ પડે છે. દાખલા તરીકે, કેટલાક બહારવટીઆઓની વાતો આપણે સાંભળી છે. તેઓ ઘણી ક્રૂર રીતે લોકોને મારી નાખીને લૂંટફાટ કરતા હોવા છતાં ગરીબ, કે અસહાય લોકો તરફ દયાભાવ બતાવ્યાના કિસ્સા સાંભળવા મળે છે. આ ઈશ્વરતરફી તત્વનો કોઈ નાશ કરી શકે તેમ નથી. માટે ગમે તેવા અધમમાં અધમ પાપી માટે પણ આપણે આશા છોડી દેવી યોગ્ય નથી. જો પાપાચરણથી આ બીજનો નાશ કરી શકાય તો પછી માણસને ઈશ્વરવિમુખ થવાથી કશો ઉધ્વેગ થાય નહિ કે નર્કયાતનાથી પણ કશું દુઃખ લાગે નહિ, કારણ કે દુઃખ કે વેદના કે

ઉધ્વેગનો અનુભવ આ બીજ કે જયોત કે તણખો (જે નામ આપવું હોય તે અપાય) કરે છે. એ જયોત બુઝાઇ ગઇ હોય તો નર્કમાં કશી ભયાનકતા રહેતી નથી,પણ જો માણસને દુઃખની લાગણી થતી હોય તો જ તે વહેલો મોડો પણ તેથી થાકીને ઇશ્વરાભિમુખ થવા દોરાશે અને એમ થતાં ઇશ્વર તેનો ઉધ્ધાર કરશે.

માણસને સ્વતંત્ર સંકલ્પ શક્તિનું વરદાન છે. પણ એનો દુરૂપયોગ કરીને માણસ પોતે પોતાનું અને બીજાનું અહિત કરે છે. પણ એથી તે પોતાના જીવનનો કે ઇશ્વરી જયોતનો નાશ કરી શક્તો નથી. એના સર્જનહાર સિવાય બીજા કોઇમાં એવી શક્તિ નથી કે કોઇને એવો અધિકાર નથી. સર્જનહાર તો એનો નાશ ઇચ્છે એ શક્ય જ નથી. નાશ કરવો હોત તો પછી ઉત્પન્ન શું કરવા કરત? ઉત્પન્ન કર્યા પછી નાશ કરવો પડે તો તેમાં તો ઇશ્વરનું ભાવિ અંગેનું અજ્ઞાન દેખાય છે અને તેથી ઇશ્વર પણ ભૂલને પાત્ર હોઇ શકે એમ ઠરે છે. ઇશ્વર માટે એવું શી રીતે મનાય?

માણસ પોતાનો આત્મા સર્જી શક્તો નથી કે તેનો નાશ કરી શક્તો નથી. સર્જનહારે દરેક સૃષ્ટ વસ્તુને ખાસ ઉદ્દેશથી બનાવી છે. માણસ આત્માનો નાશ કરી શક્તો નથી અને ઇશ્વર નાશ કરનાર નથી. આથી માણસમાં તેણે મૂકેલુ બીજ કદી લોપ થવાનું નથી પણ જે ઉદ્દેશથી માણસનું સર્જન થયું છે તે કોઇ કાળે તો પરિપૂર્ણ થશે જ થશે. માણસ ભૂલો પડીને અવળે માર્ગે ચડી જાય તોપણ છેવટે તો તે પોતાના સર્જનહારની પાસે પાછો આવ્યા વિના

રહેશે નહિ. તેને ઇશ્વરના સ્વરૂપ પ્રમાણે સર્જવામાં આવ્યો છે. અને તેનું ભાવિ એ જ નિર્માણ થયેલું છે. ગિસ્લર આ દિવ્ય બીજ અંગે લખતાં કહે છેઃ "આ તત્વ, તણખો તો આંતરિક પ્રકાશસમ હોઇ દરેક આત્માની સાથે જ ઉત્પન્ન થયેલો હોય છે. તે પાપ સામે હરેક પ્રકારે યુધ્ધ કર્યા કરે છે. અને દઢતાથી શુભને વળગી રહે છે. મૂળ ઝરણમાંથી તે આવે છે. તેના તરફ તેની સતત ગતિ રહ્યા કરે છે." કારણ કે "જેમ શરીર આત્માના આધારે જીવે છે તેમ આત્મા ઇશ્વરના આધારે જીવે છે." પ્રભુએ કહ્યું છેઃ "અને જ્યારે હું પૃથ્વી પરથી ઊંચો કરાઇશ ત્યારે દરેક માણસને મારા તરફ ખેંચીશ" (યો.૧૨ઃ ૩૨). ઇશ્વરે માણસને પોતાની સાથે રહેવા સર્જ્યો હોવાથી એ બેનો સર્વકાલીન વિયોગ થવો તદ્દન અશક્ય છે.

## ૯. ઈશ્વરનું સામ્રાજ્ય

૧. પ્રભુએ કહ્યું છે કે નવો જન્મ થયા વિના માણસ ઇશ્વરના રાજ્યનું દર્શન પણ કરી શકતો નથી. પછી પ્રવેશ કરવાનો તો મળે જ શાનો? દેહની આંખો આ દુનિયાના ભૌતિક પદાર્થો જોઇ શકે છે પણ ઇશ્વર આત્મારૂપે હોવાથી એનું દર્શન કરવા માટે માણસે આધ્યાત્મિક રીતે જન્મ ધારણ કરવો જોઇએ (યો. ૩ઃ ૩,૫,૬,). એવો જન્મ ધર્યા પછી આપણી આધ્યાત્મિક દૃષ્ટિ ખુલશે અને આપણને એનાં દર્શન થશે. એટલું જ નહિ પણ તેની સાથે બેસીને શાસન

કરવાનો લહાવો પણ પ્રાપ્ત થશે.

માણસ પસ્તાવો કરીને પ્રભુ પર વિશ્વાસ કરે છે એટલે ઈશ્વરનો આત્મા તેના મનમાં કાર્યરત થાય છે. પરિણામે તેનો નવો જન્મ થાય છે અને તેનું નવસર્જન થાય છે. એથી તેના મનમાં ઈશ્વરનું શાસન કે પારાદૈસનું શાસન શરૂ થાય છે. પ્રભુએ તેની સાથે સ્તંભે જડાયેલા ચોરને ઉદ્દેશીને કહ્યું હતું કે "આજે તું મારી સાથે પારાદૈસમાં હોઈશ" (લુક ૨૩:૪૩). આ ઉપરથી પ્રભુ ભાવિનું જ્ઞાન ધરાવે છે અને પારાદૈસ પર અધિકાર ધરાવે છે એ બંને બાબતો ફલિત થાય છે. પ્રભુએ એમ નહોતું કહ્યું કે "કદાચ થોડા સમય બાદ તને પારાદૈસમાં જવાનું મળે" કે "હું પારાદૈસમાં જાઉં છું, ત્યાં ગયા પછી ઈશ્વરની રજા મેળવી તારે માટે ત્યાં વ્યવસ્થા કરીશ." પણ સત્તા ધરાવનાર કે માલિકની અદાથી તેણે સ્પષ્ટ વચન આપી દીધું અને એમ એ મરતા ચોરના જીવને શાંતિ આપી. સ્તંભ પરના મૃત્યુના ફળ તરીકે પ્રભુ ચોરને પોતાની સાથે પારાદૈસમાં લઈ ગયો. એ જ પ્રમાણે હાલ પણ જેઓ પ્રભુ સાથે બલિ તરીકે હોમાય છે અને પાપવૃત્તિ તથા જગત પ્રત્યે મૃતસમાન ભાવ ધારણ કરે છે તેઓ સીધેસીધા નવો જન્મ ધારણ કરી પારાદૈસ કે ઈશ્વરના સામ્રાજ્યમાં પ્રવેશ કરે છે. તેમનાં હૃદય અદ્ભુત શાંતિ અને આનંદથી ભરાઈ જાય છે. જગતના લોકો આ શાંતિનો ખયાલ પણ કરી શકતા નથી કે પારાદૈસ શું હશે તેની ઝાંખી કલ્પના પણ કરી શક્તા નથી.

૨. દરેક પાપી પસ્તાવો કરી નવો જન્મ ધરે એવી

તક ઈશ્વર દરેકની સામે ધરી રાખે છે. એમ તેના સામ્રાજ્યમાં પ્રવેશ કરવાનો દરેકને હક્ક મળે છે. પ્રભુને ખબર હતી કે યહુદા ઈસ્કારીઓત નિખાલસ નથી અને પોતાને દગો કરે તેવો છે તેમ છતાં પ્રભુ તેની સાથે કદી કઠોરતાથી વર્ત્યો ન હતો. ઊલટું પોતાની વધુ નિકટમાં રહેવાનો લાભ તેને આપ્યો. એથી ખરાબ માણસોને સુધરવાની તક મળતી નથી એવું કોઈનું બહાનું ચાલી શકે તેમ નથી. યહુદા એટલો બુધ્ધિહીન અને અધમ હતો કે પાપકૃત્ય કર્યા પછી પશ્ચાત્તાપ કરીને પ્રભુ પાસે પાછા આવવાનું પણ તેને સૂઝયું નહિ પણ પ્રભુથી દૂર જઈને આત્મહત્યા કરી નાખી. તે પ્રભુ પાસે પાછો આવ્યો હોત તો તેને અચૂક માફી મળત અને તેના આત્માનો ઉદ્ધાર થાત. આજના જમાનામાં પણ ઘણાં એવા ગંભીર પાપકૃત્યો આચરી બેસે છે. પરિણામે પારાદૈસ કે ઈશ્વરના સામ્રાજ્યમાં પ્રવેશ મેળવવાને બદલે તેઓ "પોતાની જગ્યાએ" જાય છે (પ્રે. કૃ. ૧: ૨૫) અને સજા ભોગવે છે.

આ "જગ્યા" કે નર્ક માણસ પોતે જ પોતાની અંદર તૈયાર કરે છે. ત્યાં દુ:ખ અને યાતના વેઠવી પડે છે. સ્વેચ્છાએ ઈશ્વર પ્રત્યે અનાજ્ઞાંક્તિ થઈને માણસ તે ઊભું કરે છે. નર્ક જેવું કોઈ અલગ સ્થળ નથી. ઈશ્વર સર્વત્ર વ્યાપેલો છે અને નર્ક કોઈ સ્થળ હોય તો ઈશ્વરનો અંશ ત્યાં પણ હોય. પણ એમ માનવું તદ્દ્ન અશક્ય છે. એવી પરિસ્થિતિ ઈશ્વરને માટે લાગુ પાડવાનું શક્ય નથી. કારણ કે ઈશ્વર તો પવિત્ર છે. ઈશ્વરના સાચા ઉપાસકો પણ

પાપવૃત્તિ અને યાતનામાંથી હંમેશને માટે ઉધ્ધાર પામી શકશે.

જ્યાં ઈશ્વરની હાજરી હોય ત્યાં સ્વર્ગ હયાત છે. તે જ ઈશ્વરનું સામ્રાજ્ય છે. ઈશ્વર સર્વત્ર હોવાથી સ્વર્ગ પણ સર્વત્ર હોવું જોઇએ. આ પરથી એમ ફલિત થાય છે સાચા આરાધકો મુશ્કેલ પરિસ્થિતિમાં કે સુખચેનમાં હોય, મિત્રો વચ્ચે હોય કે દુશ્મનોથી ઘેરાયેલા હોય, આલોકમાં હોય કે પરલોકમાં પહોંચી ગયા હોય, ગમે ત્યાં હોય તોપણ હંમેશાં આનંદમય રહે છે. કારણ કે સર્વવ્યાપી ઈશ્વરમાં તેમનું જીવન ઓતપ્રોત થયેલું હોય છે અને ઈશ્વરનો વાસો તેમના મનમાં હોય છે. આ જ ઈશ્વરનું સામ્રાજ્ય કહેવાય (લુક ૧૭:૨૦,૨૧). બીજી બાજુ દુષ્ટ માણસ ઉપરથી અત્યંત સુખમાં અને મોજશોખમાં જીવન ગાળતો દેખાય છતાં તેના મનમાંનો અજંપો દૂર થતો નથી. કદાચ તેને સ્વર્ગમાં જવાનું મળે તો ત્યાં પણ તેને તો નર્ક જેવું જ લાગવાનું, કારણ કે નર્ક તો તેના હૃદયમાં જ ભરેલું હોય છે. હૃદયપલટો ન થાય ત્યાં સુધી અથવા બીજી રીતે કહીએ તો નવો જન્મ થયા વિના ઈશ્વરના સામ્રાજ્યમાં પ્રવેશ થવો શક્ય નથી.

૩. ઈશ્વરના સામ્રાજ્યમાં પ્રેમનું શાસન ચાલે છે. એક ભક્તને એક વાર સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તે એક અજાણ્યા દેશમાં જઇ ચઢ્યો. ત્યાંના લોકો પ્રેમભાવવાળા હતા. જાણે કોઇ જૂના મિત્રનો ભેટો થયો હોય તેમ ખૂબ ભાવપૂર્વક તેનો સત્કાર કરાતો જોઇ તેને આશ્ચર્ય લાગ્યું. દેશમાં ફરતાં ફરતાં તેણે મોટા મોટા ભવ્ય મહેલો જોયા.

તેમાં વિવધ પ્રકારનાં રાચરચીલાં સજાવેલાં હતાં. ત્યાંના રહેવાસીઓને બહાર જવાનું થાય તો કદી દરવાજા બંધ કરતા નહિ, કે તાળાં વાસતા નહિ, કારણ કે ચોરી, લૂંટ થવાનો કોઇ ભય હતો નહિ. એ જોઇને તેણે પૂછપરછ કરી તો ખુલાસો મળ્યો કે "આ દેશમાં ચોરી કરે તેવા કોઇ છે જ નહિ. મનમાંથી ઇશ્વરને બહાર કાઢી મૂકવામાં આવે તો જ ઘરનાં બારણે તાળાં મારવાની સ્થિતિ આવીને ઊભી રહે. ઇશ્વરના આગમન માટે મનના દ્વાર ખુલ્લાં હોય તો તે આવીને તેમાં વસે છે. ઇશ્વરનું સામ્રાજ્ય તો પ્રેમનું શાસન હોવાથી જ્યારે હૃદયમાં પ્રેમનો અધિકાર સ્થાપિત થયો હોય ત્યારે ઘરને બારણે તાળાં મારવાની જરૂર ઊભી થતી જ નથી. પ્રેમનાં બળથી દરેક અરસપરસ સેવા કરી એકબીજાનું હિત તાકે છે. એવા બે ભાઇઓની વાત છે. નાના ભાઇને ખબર પડી કે મોટા ભાઇને કશીક વસ્તુની ભારે જરૂર પડી છે એટલે તેણે તે તેના ઘેર પહોંચાડવા વિચાર કર્યો. તે જ વખતે મોટા ભાઇએ પણ નિશ્ચય કર્યો કે મારા નાના ભાઇને ફલાણી વસ્તુની ખાસ જરૂર છે તો મારે તેને તે પહોંચાડવી જોઇએ. આમ બંનેએ મનમાં વિચાર કર્યો પણ એના વિષે એકબીજાને કંઇ વાત થઇ નહિ, અને બંને ભાઇઓને એકબીજાના ઇરાદાની જાણ પડી નહિ. એકબીજાને જણાવ્યા વિના જ પ્રેમના દબાણથી તેઓ આ પ્રમાણે સામસામું ભલું કરવા તૈયાર થયા હતા. પોતાના ભાઇને આપવાની વસ્તુ લઇને તેઓ રસ્તે જતા સામસામા ભેટી ગયા ત્યારે ખબરઅંતર પૂછતાં તેમના ઇરાદાની

એકબીજાને જાણ થઈ અને આવો નિઃસ્વાર્થ પ્રેમ આપસઆપસમાં અનુભવી તેઓ આનંદવિભોર અને આભારવશ થઈ ગયા. આમ પ્રેમ દ્વારા જ એકબીજાનું હિત અને શુભ વાંછી શકાય છે.''

તે દેશમાં દૂતો અને માનવો સાથે મળી એક મનના થઈ ઈશ્વરની આરાધના કરતા હતા અને એવી એકતાને લીધે ખ્રિસ્ત પોતે ત્યાં હાજરાહજૂર રહેતો હતો. ખ્રિસ્ત તો દેહ ધારણ કરેલો પ્રેમનો અવતાર છે,એ જોઈને ઈશ્વરી પ્રેમની અદ્‌ભુતતાનો તેને અનુભવ થયો અને મન આનંદથી ભરપૂર થઈ ગયું. તેના મોંમાથી શબ્દો નીકળી પડ્યા કે "આ તો ઈશ્વરનું સામ્રાજ્ય છે અહીં આપણું સદાકાળનું ઘર છે. માનવમન એને જ તીવ્ર રીતે વાંછે છે. દરેક શ્રધ્ધાળુના મનમાં આલોકમાંથી જ આ ઈશ્વરી શાસનની શરૂઆત થઈ જાય છે પણ તેની પરિપૂર્ણતા આ બીજા પ્રદેશમાં સિધ્ધ થાય છે. આ દેશમાં પ્રવેશ કર્યા પછી કશું જ દુઃખ કે યાતના રહેતાં નથી. અહીં નથી આપત્તિ કે નથી મરણ. પણ અહીં તો શાશ્વત જીવન અને આનંદ જ છે.''

# ૧૦ નૈતિક ભાવના અને સૌંદર્ય

૧. નૈતિકતાનો પાયો ખુદ ઈશ્વર છે અને નૈતિક જીવન પણ ઈશ્વરમય હોય છે, કારણ સર્વ શુભનું મૂળ ઈશ્વર છે. ઈશ્વર વિનાનું નીતિમાન જીવન એક સુંદર પણ નિર્જીવ પથ્થર જેવું ગણાય. ઈશ્વર સાથે સંબંધ જોડી રાખનાર લોકો જ ભલાઈ,સત્યતા અને સૌંદર્યની ભાવનાનો વિકાસ અનુભવી શકે છે. પણ જેમની શ્રધ્ધા ઈશ્વર પર નથી હોતી તેઓ રેતીના ઢગલા સમાન હોય છે. તેઓ પવનની આંધીમાં અહીં તહીં કશા ઉદ્દેશ વિના અથડાયા કરે છે, આજે અહીં તો કાલે કયાંયે.

૨. ઈશ્વર સાથે રહીને તેની ઓળખ ગાઢ થવાથી આપણને આપણા પોતાના વ્યક્તિત્વ અને આપણી પ્રકૃતિનું સારું ભાન થાય છે. ખરું જોતાં તો આપણા પોતાના અસ્તિત્વનો તત્વાર્થ જ આપણે જાણતા હોતા નથી. ચીનનો તત્વવેત્તા ચોરાન્ગટ્રો કહે છે કે "મને એક વાર સ્વપ્ન આવ્યું. તેમાં હું પતંગિયું બની ગયો હતો. પતંગિયાની પેઠે હું અહીં તહીં ઊડયા કરતો હતો. સ્વપ્નમાંથી જાગ્યો ત્યારે જોયું કે હું તો માણસ તરીકે મારા બિછાનામાં સૂતો હતો. હવે મને મનમાં શંકા જાગી છે કે હું તે માણસઃ હોઈ સ્વપ્નમાં પતંગિયું થયો હતો કે મારું અસ્વિત્વ જ પતંગિયાનું છે અને એ પતંગિયાના સ્વપ્નમાં હું માણસ થઈ વિહાર કરું છું." જો માણસ પોતાની હયાતી અંગે પણ કશી ખાતરી ધરાવતો ન હોય તો તે ભલા ભૂંડા

વિષે શું સમજી શકવાનો હતો ભલા?

૩. વિખ્યાત તત્વેત્તા અને નીતિશાસ્ત્રી કોન્ફયુશીયસ ન્યાય અને નીતિ વિષે અસામાન્ય વિચારો દર્શાવે છે. એક રાજાએ પોતાની રૈયતની નીતિ પરાયણતાની પ્રશંસા કરતાં કહ્યું કે "મારા રાજયના પ્રજાજનો એવા પ્રમાણિક છે કે જો પિતા એકાદ ઘેટું ચોરે તો તેનો જ દીકરો તેની વિરૂધ્ધ જુબાની આપતાં સહેજે અચકાય નહિ." કોન્ફયુશીયસે જવાબમાં કહ્યું "અમારા દેશમાં એથી ઊલટું ચાલે છે. એટલે બાપ દીકરાને સહાય કરશે અને દીકરો બાપને સહાય આપશે, અને એમ એકબીજાનું રક્ષણ કરશે." આની સાથે ખ્રિસ્તનું વિશુધ્ધ શિક્ષણ સરખાવી જુઓ. તે કહે છે કે "જે નાના વ્યવહારમાં પ્રમાણિક હોય તે મોટા વ્યવહારમાં પણ પ્રમાણિકપણું જાળવી રાખે છે. જે થોડામાં અપ્રમાણિક નીવડે તે ઘણામાં વધુ અપ્રમાણિક જણાશે." પણ કોન્ફયુશીયસે તો એમ શિખવ્યું છે કે જે મુખ્ય સિધ્ધાંતોના પાલનમાં દઢ રહે છે તેઓના નાના નાના દોષ ધ્યાનમાં લેવાનાં હોતા નથી.

કોન્ફયુશીયનું વિધાન નકારાત્મક છે કે "બીજાઓનું જે પ્રકારનું વર્તન તમને ગમે નહિ તેવું વર્તન તમારે તેમના પ્રત્યે કરવું નહિ." ઈસુએ એ જ વાત ફેરવીને હકારાત્મક રીતે કહી. લોકોનું જે પ્રકારનું વર્તન તમને ગમે તેવું વર્તન તમે લોકો સાથે રાખો" (મા. ૭:૧૨). જેમનો ઉલ્લેખ કરવો એ પણ પાપસમ છે એવી કેટલીક બાબતો છે. તેમ કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવાનું ટાળવું તે પણ પાપસમ

છે. ઈશ્વર પર પૂરા હૃદય અને મનથી પ્રેમ રાખવો, પોતાના પંડ જેવો જ પાડોશી પર પ્રેમ રાખવો વગેરે વાતોનો ઉલ્લેખ ન કરવો એ પાપરૂપ છે.

૪. દુનિયાની સૃષ્ટ વસ્તુઓમાં વિવધ પ્રકારનું જે સૌંદર્ય દેખાય છે. તે સાચા આધ્યાત્મિક સૌંદર્યનો આવિષ્કાર અને તેના ફલસ્વરૂપ છે. ઈશ્વરના સર્જનમાં તેનો પ્રેમ, વૈભવ અને ભલાઈ ઓતપ્રોત થયેલાં હોઈ તેમનું કાર્ય એ રીતે દેખાઈ આવે છે. બીજી રીતે કહીએ તો દુનિયામાં અને કુદરતમાં જે સૌંદર્ય દેખાઈ આવે છે તે આંતરિક અને છૂપા આધ્યાત્મિક સૌંદર્યના પ્રતિબિંબ કે છબીરૂપ છે. ઈમર્સને કહ્યું છે, "દરેક કુદરતી દશ્ય કોઈક આધ્યાત્મિક પરિસ્થિતિનું અનુરૂપ છે. આત્માનાં સ્વરૂપ કુદરતી દશ્યોના આધાર વડે જ સમજમાં આવી શકે તેમ છે."

શ્રી. કેરાટના શબ્દોમાં કહેતાં "સૌંદર્ય નીમક સમાન છે અને તેના વિના જીવન બેસ્વાદ બની જાય છે." સૌંદર્ય એ ભલાઈ અને સત્યનો આવિષ્કાર છે, અને અનેક સ્વરૂપે જોવા મળે છે. ફૂલો, ફળો, નદીઓ, પર્વતો, કાવ્ય અને સાહિત્ય, સંગીત કે અન્ય કળાનાં વિવધ રૂપો દ્વારા તે જોવા મળે છે. કૃત્યોદ્વારા પણ સૌંદર્ય અનુભવાય છે. આપણી બુઠ્ઠી અને કુંઠિત થયેલી લાગણીશીલતાને સ્પર્શ કરીને સૌંદર્ય તેને સચેત કરે તો જ આપણી શક્તિ પ્રમાણે સૌંદર્યનો ઉપભોગ આપણે કરી શકીએ. આપણા વિકાસના પ્રમાણમાં આપણને આનંદનો અનુભવ થાય છે. સંગીતના સુંદર સ્વરોથી મનને શાંતિ પ્રાપ્ત થાય છે. ઈશ્વરની સંગતનો

અનુભવ કરવા સંગીત ઉત્તમ સાધનરૂપ છે. જૂના જમાનામાં પ્રબોધકો પ્રથમ વાંસળી કે બીજાં વાદ્યોનો ઉપયોગ કરી આધ્યાત્મિક વાતાવરણ જમાવ્યા પછી જ પ્રબોધ કરતા (જુઓ ૧ શમૂ. ૧૦: ૫; ૧૬: ૨૩; ૨ રાજા ૩: ૧૫).

૫. નીતિ અને સૌંદર્ય એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે, કારણકે બંનેનું ઉગમસ્થાન એક જ છે. તેઓ બંને સત્યમાંથી પેદા થાય છે. માટે જ્યાં સત્યતા હોય ત્યાં જ નીતિ અને સૌંદર્ય જોવા મળે છે. સજીવ અને નિર્જીવ બંને પ્રકારમાં સૌંદર્ય જોવા મળે છે. સૃષ્ટિના શિરોમણિ જેવા મનુષ્યમાં જો એવા ગુણો જોવા ન મળે તો બીજા હલકી કોટીનાં પ્રાણીઓ અને નિર્જીવ પદાર્થો કરતાં પણ મનુષ્ય ઊતરતો છે એમ માનવું પડે. એ પરથી એમ પણ કહી શકાય કે પાપવૃત્તિ અને દુષ્ટાઇને લીધે જ માણસ કદરૂપું બને છે. દુષ્ટાઇ અને અન્યાયીપણાનું અવશ્ય એ જ પરિણામ નીપજે છે.

જેઓનાં મનમાં સત્ય એટલે ઇશ્વરનો વાસો હોય છે તેઓનાં જીવન ભલાઇ અને સૌંદર્યભરપૂર હોય છે. જાણે અજાણે પણ એની અસર અન્ય લોકો ઉપર થયા વિના રહેતી નથી. એક માણસ સ્વચ્છતાનો ઘણો આગ્રહી હતો અને સારા લત્તામાં રહેતો હતો. તે એક વાર સંજોગવશાત્ શહેરના ગંદા વિસ્તારમાં રહેવા ગયો. ત્યાં લોકો ખૂબ ગંદકીમાં રહેવા ટેવાયેલા હતા. બાળકોને તો સ્વચ્છતા શું એનો ખ્યાલ જ ન હતો. ત્યાંના લોકો સાથે વાતચીત કરતાં એક બાળકની નજર તે માણસ પર પડી. એની ચોકખાઇથી

તે બાળક એટલો પ્રભાવિત થયો કે કોઇને કશું કહ્યા વિના જઇને હાથ, પગ, મોં વગેરે બરાબર ધોઇ ચોકખો થઇ આવ્યો. તે બાળકનું આવું વર્તન જોઇને પેલા માણસના મનને પણ ઘણી સારી અસર થઇ. તેણે લોકોને સમજાવ્યું કે "ગમે તે ભોગે આપણે આપણા જીવનમાં આપણા સ્વર્ગીય પિતાની ઉત્કૃષ્ટતા અને તેનો મહિમા પ્રદર્શિત કરવા જોઇએ. એ વડે ઇશ્વરની પ્રશંસા થવા માંડે અને તેનું નામ માનવંતું અને ઉન્નત થાય."

## ૧૧. ટીકાઓ અને વિરોધ

૧. આપણો ઉદ્દેશ શુભ છે એવું લોકો સમજે નહિ અને આપણી ટીકા કરે, વિરોધ કરે કે સતાવણી કરે તો એથી નવાઇ પામવા જેવું નથી. 'અસંખ્ય લોકો પોતાને શા હેતુથી માનવ અવતાર મળ્યો છે તે જાણતા નથી. તેઓને જો એટલી વાતની ખબર પડે તો પોતાની ફરજમાં એટલા ઓતપ્રોત થઇ જાય કે બીજાના કાર્યમાં માથું મારવાનો વખત જ તેમને મળે નહિ. પણ એ મૂળભૂત સમજણના અભાવે તેઓ ટીકા, વિરોધ કે સતાવણી કરીને પોતાનું તેમ જ અન્યનું અહિત કરે છે. જેઓ જીવનનો ખરો ઉદ્દેશ સમજે છે તેઓ પોતાની ફરજમાં એટલા ખૂંપી જાય છે કે બીજા લોકો તેમના વિષે શું કહેતા હશે કે શું ધારતા હશે તેની પંચાતમાં પડવાનો સમય જ તેમને મળતો નથી. તેઓ પોતાના જીવન બાબતમાં સર્જનહારની શી ઇચ્છા છે તે

સમજી લે છે અને તે પાર પાડવા પૂરા મનથી કામે લાગી જાય છે. ઈશ્વર પણ તેઓની એકનિષ્ઠા જાણે છે અને તેથી તેમના પર પ્રેમ રાખે છે.તેમને આશિષ આપે છે અને મનમાં હૈયાધારણ આપી શાંતિ બક્ષે છે. અંતે તો તે જ સૌનાં લેખાં લેનાર છે. તો પછી આપણો સર્જનહાર અને સ્વામી આપણી સર્વ મુરાદો પૂર્ણ કરનાર હોઈ આપણી આગળ બધું સ્પષ્ટ કરવાનો છે એ સત્ય જાણ્યા પછી આપણે શા માટે ચિંતાતુર થઈએ કે મનમાં વ્યગ્ર થઈએ?

કોઈ માણસ પરગામ કે પરદેશ જાય તો ત્યાંના વતનીઓમાં તે પરદેશી ગણાય છે. અજાણ્યો હોવાથી કૂતરાં ભસે છે. તેમ જ ખરા ખ્રિસ્તીઓ આ દુનિયાના વતની નથી પણ અહીં પરદેશી જેવા છે (યો. ૧૭:૧૪; હેબ્રી. ૧૧:૧૩). આથી દુનિયામાં કૂતરાં તેમને અજાણ્યા ગણી તેમની સામે ભસે છે કે હુમલો કરી બચકાં ભરે તો તેમાં નવાઈ જેવું કશું નથી. એથી હતાશ થવાની જરૂર પણ નથી.હળના દાંડે હાથ લગાડ્યા પછી પાછા વળવું એમાં આપણી શાન નથી. આપણી ઝડપ પણ ઓછી ન કરતાં વણઝારની પેઠે આગેકૂચ ચાલુ રાખવી. કૂતરાં તો ભસતાં ભસતાં થોડે સુધી આવીને પાછાં વળી જવાનાં અને ચૂપ થઈ જવાનાં એ ચોક્કસ છે. આપણે આગળ વધતાં વધતાં આપણા લક્ષ્યસ્થાને સલામત પહોંચી જઈશું એ નિઃશક છે (માથ્થી ૭:૬).

૨. સત્યના વૈરીઓને કશું જ કામ હોતું નથી. તેમની નાલાયકીને લીધે તેમની પાસે જે કાંઈ કામ હોય તે પણ લઈ

લેવામાં આવે છે જ્યારે ઈશ્વરનું શુભ કાર્ય તેમના હાથમાંથી લઇ લેવાય છે ત્યારે તેઓ બેકાર બને છે તે શેતાનના ધ્યાનમાં તરત આવે છે. તે તેઓને તરત પોતાના કામમાં જોતરી દે છે. કારણ કે બિલકુલ કામ વગર કોઇ રહી શકતું નથી. તેઓને કંઇ સારું કામ કરવાનું ન મળે ત્યારે ઈશ્વરનું શુભ કાર્ય કરનારા તરફ પથ્થર ફેંકી તેમને અડચણ કરવામાં તેઓને આનંદ મળે છે.

જો સામે આંધળો માણસ આવતો દેખાય તો દેખતા માણસની ફરજ છે કે પોતે બાજુ પર ખસી જઇ તેને માર્ગ આપે કે તેની સાથે અથડાઈ ન પડાય. પણ, બેધ્યાનપણે કદાચ ભટકાઇ જવાય તો ગુસ્સે થવાય નહિ. ઊલટું અંધજનની માફી માગી તેને મદદરૂપ થવું. પણ જો કોઇ દેખતો માણસ એમ થતાં આંધળા પર ચિડાય તો એ બતાવી આપે છે કે અંધજન કરતાં દેખતા માણસની દૃષ્ટિ કંઇ વધુ સારી નથી. એ અંધ પ્રત્યે સમજણ કે સહાનુભૂતિ દર્શાવવાની દૃષ્ટિ જ તેનામાં નથી. એમ સત્યને અનુસરવા જતાં વિરોધ કે સતાવણી આવી પડે તો તે ધ્યાનમાં ન લેતાં એવું વર્તન કરનારને આપણે માફી આપી દેવી જોઈએ. એ ઉપરાંત તેમના પર પ્રેમભાવ કાયમ રાખી તેમના ભલા માટે પ્રાર્થના કરવી જોઈએ (માથ્થી ૫:૪૪,૪૫). એમ કરવા છતાં તેઓ પોતાની દુષ્ટ પ્રવૃત્તિ બંધ ન કરે અને પસ્તાવિક મન દેખાડે તો તેથી આપણે કશું ગુમાવવાનું નથી. સત્યને ખાતર એટલું કરી છૂટવાની આપણી ફરજ છે. સત્યદ્વારા આપણને દૃષ્ટિ પ્રાપ્ત થાય છે, અને આપણું અંતિમ

પારિતોષક પણ સત્યનો જ અનુભવ છે.

૩. તકલીફો અને મુશ્કેલીઓના સમયે પ્રાર્થના દ્વારા ઈશ્વર પાસેથી શક્તિ અને આધ્યાત્મિક સહારો પ્રાપ્ત કરીને માણસ દૃઢ અને અડગ રહી શકે છે. ઉત્તર ધ્રુવના બરફના પ્રદેશમાં થતાં રીંછ અને બીજાં પ્રાણીઓ ઉનાળામાં ખૂબ ખોરાક લઈને ભારે તગડાં થાય છે. જ્યારે શિયાળામાં ખોરાકની તંગી જણાય ત્યારે તેમના શરીરમાં જમા થયેલી ચરબીના આધારે તેઓ ટકી રહે છે. ઈશ્વર તરફથી સહારો પામનારા પણ એના જેવા જ છે.

સામાન્ય લોકસમુદાયે પ્રભુનો ભારે વિરોધ કર્યો. તેઓએ "જીવનના અધિષ્ઠાતાને પૂરો કર્યો." તો પછી આપણે શી વિસાતમાં?(પ્રે.કૃ.૩: ૧૫). "તે પોતાનાંની પાસે આવ્યો પણ તેનાં પોતાનાંએ તેને ઓળખ્યો નહિ." એક માણસ પરદેશ વેપાર માટે ગયો. તેના ગયા પછી તેની સ્ત્રીને પુત્ર જન્મ્યો અને સુવાવડમાં તે સ્ત્રી મરણ પામી, પણ બાળક જીવી ગયો. પુત્રના ઉછેર માટે પિતા બીજાં સગાંઓ પર નાણાં મોકલ્યા કરતો હતો. વર્ષો વીતતાં પુત્ર મોટો થઈ યુવાન થયો, પણ તેને પોતાના પિતા સંબંધી કશી જ ખબર ન હતી. એક રાત્રે અચાનક પિતા આવી પહોંચ્યો. તેણે ઘરનું બારણું ઠોક્યું. પુત્રે જાગીને, ઊઠીને બારણું ઉઘાડ્યું. પણ તે બાપને ઓળખતો ન હોવાથી અજાણ્યો માણસ ચોર હશે ધારી પુત્રે તેની સાથે ખૂબ કઠોર અને અસભ્ય વર્તન દાખવ્યું. પિતાએ બધી હકીકત જણાવી પણ બાપ પ્રત્યે તેને કશો ભાવ નહતો અને તેની હયાતી

સંબંધી તદ્દન અજ્ઞાન હોવાથી તે ઊલટો ગુસ્સે થયો અને તેના પર હુમલો કરી તેને માર્યો અને પોલીસમાં ફરિયાદ કરી અટકમાં લેવડાવ્યો. સવારે અન્ય સગાસંબંધીએ હકીકત જાણી ત્યારે ખુલાસો કર્યો. ત્યાર પછી યુવાન ખૂબ દુઃખી થયો અને છાતી કૂટી રડતાં રડતાં તેણે પિતાની માફી માગી. તેણે પિતાને કહ્યું કે જીવનભર આપને આજ્ઞાંકિત રહી આપની સેવા કરવા તૈયાર છું. પોતાના પિતાનું અપમાન કરવા માટે તે યુવાને જિંદગીભર શરમ અનુભવી. પણ લાખો લોકો એવા છે કે હજી પસ્તાવો કરતા નથી. તેઓ સ્વર્ગીય પિતા તરફ પોતાનું મન વાળતા નથી. તેઓ કેવા કઠોર મનવાળા હોવા જોઈએ! ઈશ્વર તેઓ પર દયા રાખે એવી પ્રાર્થના કરતાં આપણે કદી થાકવું નહિ.

૪. ઘણા લોકો તો પોતાના દોષ કે ભૂલો સામે નજર જ કરતા નથી. તેઓ બીજાની ભૂલો તરફ આંગળી કર્યા કરે છે, અને તેમનો વાંક કાઢ્યા કરે છે. જેમ આંખની ખામી કે ખોડ આંખને પોતાને દેખાતી નથી પણ બીજું બધું દેખાય છે તેમ બીજાનો વિરોધ કરનારા અને દોષ કાઢનારાને પોતાનું ખરું સ્વરૂપ દેખાતું નથી. પણ દર્પણ સામે ધરવાથી આંખ પોતાનું પ્રતિબિંબ જોઈ શકે અને પોતાની ખોડ જોઈ શકે તેમ ઈશ્વરનાં વચનરૂપી દર્પણ મારફતે આપણે આપણું ખરું સ્વરૂપ સમજી શકીએ છીએ. એ રીતે આપણી પાપમય પ્રકૃતિનું દર્શન થાય છે એટલું જ નહિ પણ ઈશ્વરની શક્તિ સ્વરૂપનું દર્શન પણ થાય છે. તેનાથી આપણે પૂરું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકીએ અને આપણને મુક્તિ પણ મળે છે.

પસ્તાવા સહિત ઈશ્વર તરફ ફરીએ અને તેની સંગતમાં પવિત્ર જીવન ગાળીએ, તેમ જ શુધ્ધ ભાવથી પ્રાર્થના કરીએ તો આપણે ઈશ્વરના જેવા થઈ શકીશું. પછી તે જ્યાં વસે છે ત્યાં પૂર્ણ મહિમામાં તેની સાથે વાસો કરીશું (યો. ૧૨:૨૬; ૧૭:૨૪).

## ૧૨. સેવા અને આત્મનિગ્રહ

૧. ઈશ્વર સતત સર્જન અને સર્જેલાનું રક્ષણ કરતો રહે છે. (યો. ૫: ૧૭). તેનું કાર્ય સદા ચાલતું રહે છે. ઉદાહરણ તરીકે, પ્રાણીઓ એટલે સજીવોમાં લોહીનું ભ્રમણ અને શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા અવિરતપણે ચાલ્યા કરે છે. નિર્જીવ વાનાં--પાણી, પૃથ્વી, સૂર્ય, તારાગણ, વગેરે--પણ એક પ્રકારનાં નિયમિત ચક્રમાં ગતિ કરતાં રહે છે અને તેમનાં ઉદ્દેશ પરિપૂર્ણ કરે છે. આપણે જેઓ ઈશ્વરનાં સંતાન ગણાઈએ છીએ તેઓએ વિચાર કરી જોવો જોઈએ કે આ નિર્જીવ વાનાં કરતાં આપણે અધૂરા તો નથી જણાતા ને? તેઓ જેમ પોતાના સર્જનનો હેતુ પરિપૂર્ણ કરે છે તેમ આપણે પણ કરીએ છીએ કે પછી આપણી નિર્ધારિત ફરજ બજાવવામાં બેદરકાર અને આપણને સોંપાયેલા કામની અવગણના કરનાર તો નથી થતા?

૨.સાચના બળ વિના પણ શેતાન કેટલું ભારે કાર્ય કરી રહ્યો છે! રાત દહાડો લોકોને અવળે રસ્તે ચઢાવી નાશમાં ધકેલી દેવાનું તેનું કાર્ય ચાલ્યા જ કરે છે. હવાને

ભૂલાવામાં નાખનાર સર્પ પણ હાથપગ વગર કેવો ગતિ કર્યા કરે છે. (ઉત્પ.૩:૧-૨૦). તો આપણે ન્યાય માર્ગે ચાલનારા અને સત્યને અનુસરનારા દિવ્ય આયુધોથી સજ્જ થયેલા અને ઇશ્વરી આત્મિક શક્તિસંપન્ન હોવા છતાં પેલા સર્પ અને શેતાન કરતાં એટલા ઊતરતા થઇ ગયા છીએ કે આળસ કરીને આપણી ફરજ ચૂકીએ? (એફે.૬:૧-૧૮). આપણે સાવધ રહીને ઇશ્વરી શક્તિ દ્વારા ભૂતો અને ભૂંડાઇ પર વિજય મેળવીને નિર્ધારિત સેવા કરીએ (૨ તિમો. ૪:૫; યાકૂબ ૪:૭).

૩.એક ભક્તજન ઘઉં લઇને જતો હતો. ખૂબ લાંબું અંતર કાપ્યા પછી તેણે ઘઉંનું પોટલું છોડ્યું તો અંદર અસંખ્ય કીડીઓ દેખાઇ, તેને કીડીઓ પ્રત્યે દયા ઉપજી અને તેથી દુઃખી થઇને,જ્યાંથી કીડીઓ લાવ્યો હતો ત્યાં પાછી પહોંચાડ્યા વગર ચાલશે નહિ એમ લાગવાથી તે પાછો પોટલું ઊંચકી ચાલી નીકળ્યો! કુદરતનાં નાનાં જંતુ માટે જો કોઇ માણસના મનમાં આટલી દયામાયા પેદા થાય તો પછી ઇશ્વરના સ્વરૂપ પ્રમાણે પેદા કરાયેલાં માણસ પ્રત્યે આપણે કેટલાં વધુ પ્રેમ અને મમતા દર્શાવવાં જોઇએ? ઉડાઉ દીકરા જેવા અને ખોવાયેલા ઘેટા જેવાઓને ખરા માર્ગ પર વાળી લાવીને સૌના પિતાને ઘેર પહોંચાડવા અખૂટ પ્રેમની જરૂર છે.

એક વાર આમતેમ ફરતી કશું ખોળતી એક કીડીને જોતો હું બેઠો હતો. તે ફરતાં ફરતાં એક દાણા પાસે પહોંચી. પણ ત્યાં પહોંચતાં જ ઝડપથી પાછી વળી ગઇ. મેં

ધાર્યું કે દાણો કડવો કે સડેલો જોઈને કીડી જતી રહી હશે. પણ થોડી ક્ષણો પછી મેં જોયું તો તે કીડી બીજી અનેક કીડીઓને ત્યાં બોલાવી લાવી. દાણો મળતાં એકલપેટા થઈને તે પોતે જ ખાઇ જવાને બદલે બીજી કીડીઓ સાથે વહેંચી ખાવાના ઈરાદાથી તે બીજી કીડીઓને બોલાવવા ગઇ હતી. બધાં સાથે ખાવામાં તેને આનંદ હતો. સ્વાર્થી માણસો માટે આ શુદ્ર જંતુ પાસે ઉત્તમ બોધ છે. ઈશ્વરની સંગતમાં રહીને જેઓ અનેકવિધ આધ્યાત્મિક પ્રસાદી પામ્યા હોય તેઓ, જેમને એવો અનુભવ કરવાની તક ન મળતી હોય તેમને એનો લાભ આપે એ ઘણું જરૂરી છે. એ રીતે તેઓ પણ ઇશ્વરી સંગતમાં રહેવા માટે આકર્ષાય, આશીર્વાદ પામે અને સર્વકાલીન આનંદ અને સુખમાં પ્રવેશ પામે.

૪. ફ્રાન્સના એક ગરીબ કલાકારે માટીમાંથી એક સુંદર કલાકૃતિ તૈયાર કરી. રાત્રે સૂતાં પહેલાં તેને વિચાર આવ્યો કે રાત દરમિયાન ભેજને લીધે કલાકૃતિ કદાચ બગડી જાય તો બધી મહેનત ફોગટ જશે. આથી તેણે પોતાના ઓઢવા પાથરવાના કામળા અને ગોદડાં કલાકૃતિને વિંટાળી દીધાં અને પોતે ઠંડીમાં થથરતો બેસી રહ્યો. રાતમાં ઠંડીથી કલાકાર ઠરી ગયો પણ તેની કલાકૃતિ બચી ગઇ. તે હજી પણ પારીસના કલાસંગ્રહ સ્થાનમાં સાચવી રાખવામાં આવી છે. પોતે બનાવેલી નિર્જીવ કૃતિ માટે પોતાનો જીવ આપનાર વીરલા પણ આ દુનિયામાં મળી આવે છે. તો પછી ઈશ્વરની પ્રતિમા પ્રમાણે સર્જાયેલાં માનવ

માટે જીવ કુરબાન કરવા આપણે કેટલા વધુ તત્પર હોવું જોઇએ? (યો. ૩:૧૬).

૫. મીઠાનો ગાંગડો પાણીમાં ઓગળે નહિ ત્યાં સુધી તેની ખારાસ પાણીમાં પલાળેલા કઠોળમાં ઊતરશે નહિ. સૂર્યની ગરમીથી (પહાડના શિખર પરનો) બરફ પીગળે નહિ તો તેનો પ્રવાહ થઇ સૂકી ભૂમિને ભીંજવવા વહી શકે નહિ. સમુદ્રના પાણીની વરાળ થઇ વાદળાં બંધાય નહિ તો ભૂમિ વરસાદ વિના તરસી રહી જાય અને કંઇ ફસલ ઉપજાવી શકે નહિ. ન્યાયના સૂર્યના પ્રેમ કિરણો વડે આપણે આર્દ્ર ન થઇએ અને પવિત્ર આત્માના અગ્નિ વડે નરમ ન થઇએ તો આપણે વ્યર્થ જીવન ગાળીએ છીએ. બીજી રીતે કહીએ તો સ્વાર્પણ, ત્યાગ અને ભક્તિભાવ માટે આપણે તૈયાર ન હોઇએ તો આપણા દ્વારા કોઇના જીવનને કશી જ અસર પહોંચશે નહિ. એવા ઠાલા જીવન દ્વારા આપણે મુક્તિ સિદ્ધ કરવામાં કે શાશ્વત આનંદ પ્રાપ્ત કરવામાં કોઇ ને સહાયરૂપ થઇ શકવાના નથી.

૬.આપણા સર્જનહારની અને તેણે સર્જેલા માનવોની સેવા કરવા જતાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. પણ એવી કસોટીનો સામનો કરવાની જરૂર છે કારણ કે એથી આપણને લાભ થાય છે. એવી કસોટીઓ દ્વારા આધ્યાત્મિક પ્રગતિ થઇ શકે છે. આથી પ્રગતિવાંછુ કોઇ કસોટીઓથી મુક્ત રહી શકે તેમ નથી. એરિસ્ટોટલે કહ્યું છે કે “ દેવ કે પશુને જ કસોટીનો સામનો કરવો પડતો નથી.” મુશ્કેલીઓ, તકલીફો, કે ત્યાગ એ બધાં દ્વારા

આપણે ઈશ્વરનાં વરદાનોની ગણતરી કરી શકીએ છીએ. જેમ પક્ષીઓ પાંખો ધારણ કરે છે પણ એ જ પાંખો પક્ષીને હવામાં અદ્ધર રાખે છે તેમ જ જેઓ પોતાનો વધસ્તંભ આનંદપૂર્વક સ્વીકારે છે તેઓ તેના જ આધારે ટકી રહે છે, અને તેમના અંતિમ ધ્યેયને પહોંચી શકે છે.

૭. કૌટુંબિક તેમ જ અન્ય હરેક મુશ્કેલીઓ પણ આમાં સમાઈ જાય છે. કેટલાક લોકો માને છે કે કૌટુંબિક જંજાળ બોજારૂપ અને આધ્યાત્મિક વિકાસમાં અડચણરૂપ થઈ પડે છે પણ એવી સમજ ભૂલભરેલી છે. ફોલીગ્નોની એન્જેલોનો પતિ, તેની માતા અને બાળકો મરણ પામ્યાં ત્યારે તેને લાગ્યું કે હવે હું છૂટી. તેણે તો કહ્યું હતું કે "ઈશ્વરના માર્ગે ચાલવામાં એ બધાં મને અવરોધ કરતાં હતાં." પણ ખરું જોતાં તો કૌટુંબિક જવાબદારીઓ પણ ઈશ્વરની ભક્તિનો જ એક ભાગ ગણાવો જોઈએ, અને ઈશ્વરની ઈચ્છાનુસાર એવી બધી ફરજો નિઃસ્વાર્થપણે અદા કરવી જોઈએ.

બીજાઓને સહાય કરી સુખી કર્યાથી આપણી જાતને મદદ થાય છે અને આપણા હૃદયમાં અદ્‌ભુત પ્રેમ પ્રવેશ કરે છે એવો અનુભવ આપણને થાય છે. એ પરથી આપણને સમજાય છે કે આપણે બધાં એકબીજાના બહુ જ ઘનિષ્ટ સંબંધમાં જોડાયેલાં છીએ, અને અરસપરસ સહાયની આપલેથી જ આપણે સુધારો અને પ્રગતિ કરી શકીએ તેમ છે. આપણી માનવ પ્રકૃતિનો એ એક સામાન્ય નિયમ છે, અને તેના ઉલ્લંઘનથી આપણો તેમ જ આપણા

પાડોશીઓનો આનંદ લોપ થાય છે. એમ થતાં આપણે એકબીજાનો નાશ કરવા દોરાઈએ છીએ. માટે જીવનનો નિયમ, જેને સોનેરી આદેશ પણ કહે છે તે હંમેશાં આચરવો જોઈએ: "પ્રેમથી એક--બીજાની સેવા કરો." સ્વાર્થત્યાગ વિના બીજાની સેવા કરી શકાય જ નહિ. પહેલા પ્રકરણમાં શીખવ્યા પ્રમાણે એકાંતમાં ઈશ્વરની સંગતમાં તલ્લીન થઈ, તેનાં ચરણોમાં બેસી પ્રેમ અને ત્યાગનો પાઠ શીખીએ, તો "જેવો પોતા પર તેવો પાડોશી પર પ્રેમ" કરી શકીશું. આપણા સર્જનહાર અને માલિક પ્રભુની ઈચ્છા પ્રમાણે આપણું જીવન ચાલશે. તે પરિપૂર્ણ થતાં તેની સાથે સદાકાળના જીવનમાં રહેવા આપણે લાયક થઈ શકીશું.

પારિતોષક પણ સત્યનો જ અનુભવ છે.

૩. તકલીફો અને મુશ્કેલીઓના સમયે પ્રાર્થના દ્વારા ઈશ્વર પાસેથી શક્તિ અને આધ્યાત્મિક સહારો પ્રાપ્ત કરીને માણસ દૃઢ અને અડગ રહી શકે છે. ઉત્તર ધ્રુવના બરફના પ્રદેશમાં થતાં રીંછ અને બીજાં પ્રાણીઓ ઉનાળામાં ખૂબ ખોરાક લઈને ભારે તગડાં થાય છે. જ્યારે શિયાળામાં ખોરાકની તંગી જણાય ત્યારે તેમના શરીરમાં જમા થયેલી ચરબીના આધારે તેઓ ટકી રહે છે. ઈશ્વર તરફથી સહારો પામનારા પણ એના જેવા જ છે.

સામાન્ય લોકસમુદાયે પ્રભુનો ભારે વિરોધ કર્યો. તેઓએ "જીવનના અધિષ્ઠાતાને પૂરો કર્યો." તો પછી આપણે શી વિસાતમાં?(પ્રે.કૃ.૩: ૧૫). "તે પોતાનાંની પાસે આવ્યો પણ તેનાં પોતાનાંએ તેને ઓળખ્યો નહિ." એક માણસ પરદેશ વેપાર માટે ગયો. તેના ગયા પછી તેની સ્ત્રીને પુત્ર જન્મ્યો અને સુવાવડમાં તે સ્ત્રી મરણ પામી, પણ બાળક જીવી ગયો. પુત્રના ઉછેર માટે પિતા બીજાં સગાંઓ પર નાણાં મોકલ્યા કરતો હતો. વર્ષો વીતતાં પુત્ર મોટો થઈ યુવાન થયો, પણ તેને પોતાના પિતા સંબંધી કશી જ ખબર ન હતી. એક રાત્રે અચાનક પિતા આવી પહોંચ્યો. તેણે ઘરનું બારણું ઠોકયું. પુત્રે જાગીને, ઊઠીને બારણું ઉઘાડ્યું. પણ તે બાપને ઓળખતો ન હોવાથી અજાણ્યો માણસ ચોર હશે ધારી પુત્રે તેની સાથે ખૂબ કઠોર અને અસભ્ય વર્તન દાખવ્યું. પિતાએ બધી હકીક્ત જણાવી પણ બાપ પ્રત્યે તેને કશો ભાવ નહતો અને તેની હયાતી

સંબંધી તદ્દન અજ્ઞાન હોવાથી તે ઊલટો ગુસ્સે થયો અને તેના પર હુમલો કરી તેને માર્યો અને પોલીસમાં ફરિયાદ કરી અટકમાં લેવડાવ્યો. સવારે અન્ય સગાસંબંધીએ હકીક્ત જાણી ત્યારે ખુલાસો કર્યો. ત્યાર પછી યુવાન ખૂબ દુઃખી થયો અને છાતી કૂટી રડતાં રડતાં તેણે પિતાની માફી માગી. તેણે પિતાને કહ્યું કે જીવનભર આપને આજ્ઞાંકિત રહી આપની સેવા કરવા તૈયાર છું. પોતાના પિતાનું અપમાન કરવા માટે તે યુવાને જિંદગીભર શરમ અનુભવી. પણ લાખો લોકો એવા છે કે હજી પસ્તાવો કરતા નથી. તેઓ સ્વર્ગીય પિતા તરફ પોતાનું મન વાળતા નથી. તેઓ કેવા કઠોર મનવાળા હોવા જોઈએ! ઈશ્વર તેઓ પર દયા રાખે એવી પ્રાર્થના કરતાં આપણે કદી થાકવું નહિ.

૪. ઘણા લોકો તો પોતાના દોષ કે ભૂલો સામે નજર જ કરતા નથી. તેઓ બીજાની ભૂલો તરફ આંગળી કર્યા કરે છે, અને તેમનો વાંક કાઢ્યા કરે છે. જેમ આંખની ખામી કે ખોડ આંખને પોતાને દેખાતી નથી પણ બીજું બધું દેખાય છે તેમ બીજાનો વિરોધ કરનારા અને દોષ કાઢનારાને પોતાનું ખરું સ્વરૂપ દેખાતું નથી. પણ દર્પણ સામે ધરવાથી આંખ પોતાનું પ્રતિબિંબ જોઈ શકે અને પોતાની ખોડ જોઈ શકે તેમ ઈશ્વરનાં વચનરૂપી દર્પણ મારફતે આપણે આપણું ખરું સ્વરૂપ સમજી શકીએ છીએ. એ રીતે આપણી પાપમય પ્રકૃતિનું દર્શન થાય છે એટલું જ નહિ પણ ઈશ્વરની શક્તિ સ્વરૂપનું દર્શન પણ થાય છે. તેનાથી આપણે પૂરું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકીએ અને આપણને મુક્તિ પણ મળે છે.

પસ્તાવા સહિત ઇશ્વર તરફ ફરીએ અને તેની સંગતમાં પવિત્ર જીવન ગાળીએ, તેમ જ શુધ્ધ ભાવથી પ્રાર્થના કરીએ તો આપણે ઇશ્વરના જેવા થઇ શકીશું. પછી તે જયાં વસે છે ત્યાં પૂર્ણ મહિમામાં તેની સાથે વાસો કરીશું (યો. ૧૨:૨૬; ૧૭:૨૪).

## ૧૨. સેવા અને આત્મનિગ્રહ

૧. ઇશ્વર સતત સર્જન અને સર્જેલાનું રક્ષણ કરતો રહે છે. (યો. ૫: ૧૭). તેનું કાર્ય સદા ચાલતું રહે છે. ઉદાહરણ તરીકે, પ્રાણીઓ એટલે સજીવોમાં લોહીનું ભ્રમણ અને શ્વાસોચ્છવાસની પ્રક્રિયા અવિરતપણે ચાલ્યા કરે છે. નિર્જીવ વાનાં--પાણી, પૃથ્વી, સૂર્ય, તારાગણ, વગેરે--પણ એક પ્રકારનાં નિયમિત ચક્રમાં ગતિ કરતાં રહે છે અને તેમનાં ઉદ્દેશ પરિપૂર્ણ કરે છે. આપણે જેઓ ઇશ્વરનાં સંતાન ગણાઇએ છીએ તેઓએ વિચાર કરી જોવો જોઇએ કે આ નિર્જીવ વાનાં કરતાં આપણે અધૂરા તો નથી જણાતા ને? તેઓ જેમ પોતાના સર્જનનો હેતુ પરિપૂર્ણ કરે છે તેમ આપણે પણ કરીએ છીએ કે પછી આપણી નિર્ધારિત ફરજ બજાવવામાં બેદરકાર અને આપણને સોંપાયેલા કામની અવગણના કરનાર તો નથી થતા?

૨.સાચના બળ વિના પણ શેતાન કેટલું ભારે કાર્ય કરી રહ્યો છે! રાત દહાડો લોકોને અવળે રસ્તે ચઢાવી નાશમાં ધકેલી દેવાનું તેનું કાર્ય ચાલ્યા જ કરે છે. હવાને

ભૂલાવામાં નાખનાર સર્પ પણ હાથપગ વગર કેવો ગતિ કર્યા કરે છે. (ઉત્પ.૩:૧-૨૦). તો આપણે ન્યાય માર્ગે ચાલનારા અને સત્યને અનુસરનારા દિવ્ય આયુધોથી સજ્જ થયેલા અને ઈશ્વરી આત્મિક શક્તિસંપન્ન હોવા છતાં પેલા સર્પ અને શેતાન કરતાં એટલા ઊતરતા થઈ ગયા છીએ કે આળસ કરીને આપણી ફરજ ચૂકીએ? (એફે.૬:૧-૧૮). આપણે સાવધ રહીને ઈશ્વરી શક્તિ દ્વારા ભૂતો અને ભૂંડાઈ પર વિજય મેળવીને નિર્ધારિત સેવા કરીએ (૨ તિમો. ૪:૫; યાકૂબ ૪:૭).

૩.એક ભક્તજન ઘઉં લઈને જતો હતો. ખૂબ લાંબું અંતર કાપ્યા પછી તેણે ઘઉંનું પોટલું છોડ્યું તો અંદર અસંખ્ય કીડીઓ દેખાઈ, તેને કીડીઓ પ્રત્યે દયા ઉપજી અને તેથી દુઃખી થઈને,જ્યાંથી કીડીઓ લાવ્યો હતો ત્યાં પાછી પહોંચાડ્યા વગર ચાલશે નહિ એમ લાગવાથી તે પાછો પોટલું ઊંચકી ચાલી નીકળ્યો! કુદરતનાં નાનાં જંતુ માટે જો કોઈ માણસના મનમાં આટલી દયામાયા પેદા થાય તો પછી ઈશ્વરના સ્વરૂપ પ્રમાણે પેદા કરાયેલાં માણસ પ્રત્યે આપણે કેટલાં વધુ પ્રેમ અને મમતા દર્શાવવાં જોઈએ? ઉડાઉ દીકરા જેવા અને ખોવાયેલા ઘેટા જેવાઓને ખરા માર્ગ પર વાળી લાવીને સૌના પિતાને ઘેર પહોંચાડવા અખૂટ પ્રેમની જરૂર છે.

એક વાર આમતેમ ફરતી કશું ખોળતી એક કીડીને જોતો હું બેઠો હતો. તે ફરતાં ફરતાં એક દાણા પાસે પહોંચી. પણ ત્યાં પહોંચતાં જ ઝડપથી પાછી વળી ગઈ. મેં

ધાર્યું કે દાણો કડવો કે સડેલો જોઇને કીડી જતી રહી હશે. પણ થોડી ક્ષણો પછી મેં જોયું તો તે કીડી બીજી અનેક કીડીઓને ત્યાં બોલાવી લાવી. દાણો મળતાં એકલપેટા થઈને તે પોતે જ ખાઇ જવાને બદલે બીજી કીડીઓ સાથે વહેંચી ખાવાના ઈરાદાથી તે બીજી કીડીઓને બોલાવવા ગઇ હતી. બધાં સાથે ખાવામાં તેને આનંદ હતો. સ્વાર્થી માણસો માટે આ શુદ્ર જંતુ પાસે ઉત્તમ બોધ છે. ઈશ્વરની સંગતમાં રહીને જેઓ અનેકવિધ આધ્યાત્મિક પ્રસાદી પામ્યા હોય તેઓ, જેમને એવો અનુભવ કરવાની તક ન મળતી હોય તેમને એનો લાભ આપે એ ઘણું જરૂરી છે. એ રીતે તેઓ પણ ઈશ્વરી સંગતમાં રહેવા માટે આકર્ષાય, આશીર્વાદ પામે અને સર્વકાલીન આનંદ અને સુખમાં પ્રવેશ પામે.

૪. ફ્રાન્સના એક ગરીબ કલાકારે માટીમાંથી એક સુંદર કલાકૃતિ તૈયાર કરી. રાત્રે સૂતાં પહેલાં તેને વિચાર આવ્યો કે રાત દરમિયાન ભેજને લીધે કલાકૃતિ કદાચ બગડી જાય તો બધી મહેનત ફોગટ જશે. આથી તેણે પોતાના ઓઢવા પાથરવાના કામળા અને ગોદડાં કલાકૃતિને વિંટાળી દીધાં અને પોતે ઠંડીમાં થથરતો બેસી રહ્યો. રાતમાં ઠંડીથી કલાકાર ઠરી ગયો પણ તેની કલાકૃતિ બચી ગઇ. તે હજી પણ પારીસના કલાસંગ્રહ સ્થાનમાં સાચવી રાખવામાં આવી છે. પોતે બનાવેલી નિર્જીવ કૃતિ માટે પોતાનો જીવ આપનાર વીરલા પણ આ દુનિયામાં મળી આવે છે. તો પછી ઈશ્વરની પ્રતિમા પ્રમાણે સર્જાયેલાં માનવ

માટે જીવ કુરબાન કરવા આપણે કેટલા વધુ તત્પર હોવું જોઇએ? (યો. ૩:૧૬).

૫. મીઠાનો ગાંગડો પાણીમાં ઓગળે નહિ ત્યાં સુધી તેની ખારાસ પાણીમાં પલાળેલા કઠોળમાં ઊતરશે નહિ. સૂર્યની ગરમીથી (પહાડના શિખર પરનો) બરફ પીગળે નહિ તો તેનો પ્રવાહ થઇ સૂકી ભૂમિને ભીંજવવા વહી શકે નહિ. સમુદ્રના પાણીની વરાળ થઇ વાદળાં બંધાય નહિ તો ભૂમિ વરસાદ વિના તરસી રહી જાય અને કંઇ ફસલ ઉપજાવી શકે નહિ. ન્યાયના સૂર્યના પ્રેમ કિરણો વડે આપણે આર્દ્ર ન થઇએ અને પવિત્ર આત્માના અગ્નિ વડે નરમ ન થઇએ તો આપણે વ્યર્થ જીવન ગાળીએ છીએ. બીજી રીતે કહીએ તો સ્વાર્પણ, ત્યાગ અને ભક્તિભાવ માટે આપણે તૈયાર ન હોઇએ તો આપણા દ્વારા કોઇના જીવનને કશી જ અસર પહોંચશે નહિ. એવા ઠાલા જીવન દ્વારા આપણે મુક્તિ સિદ્ધ કરવામાં કે શાશ્વત આનંદ પ્રાપ્ત કરવામાં કોઇ ને સહાયરૂપ થઇ શકવાના નથી.

૬.આપણા સર્જનહારની અને તેણે સર્જેલા માનવોની સેવા કરવા જતાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. પણ એવી કસોટીનો સામનો કરવાની જરૂર છે કારણ કે એથી આપણને લાભ થાય છે. એવી કસોટીઓ દ્વારા આધ્યાત્મિક પ્રગતિ થઇ શકે છે. આથી પ્રગતિવાંછુ કોઇ કસોટીઓથી મુક્ત રહી શકે તેમ નથી. એરિસ્ટોટલે કહ્યું છે કે " દેવ કે પશુને જ કસોટીનો સામનો કરવો પડતો નથી." મુશ્કેલીઓ, તકલીફો, કે ત્યાગ એ બધાં દ્વારા

આપણે ઈશ્વરનાં વરદાનોની ગણતરી કરી શકીએ છીએ. જેમ પક્ષીઓ પાંખો ધારણ કરે છે પણ એ જ પાંખો પક્ષીને હવામાં અદ્ધર રાખે છે તેમ જ જેઓ પોતાનો વધસ્તંભ આનંદપૂર્વક સ્વીકારે છે તેઓ તેના જ આધારે ટકી રહે છે, અને તેમના અંતિમ ધ્યેયને પહોંચી શકે છે.

૭. કૌટુંબિક તેમ જ અન્ય હરેક મુશ્કેલીઓ પણ આમાં સમાઈ જાય છે. કેટલાક લોકો માને છે કે કૌટુંબિક જંજાળ બોજારૂપ અને આધ્યાત્મિક વિકાસમાં અડચણરૂપ થઈ પડે છે પણ એવી સમજ ભૂલભરેલી છે. ફોલીગ્નોની એન્જેલોનો પતિ, તેની માતા અને બાળકો મરણ પામ્યાં ત્યારે તેને લાગ્યું કે હવે હું છૂટી. તેણે તો કહ્યું હતું કે "ઈશ્વરના માર્ગે ચાલવામાં એ બધાં મને અવરોધ કરતાં હતાં." પણ ખરું જોતાં તો કૌટુંબિક જવાબદારીઓ પણ ઈશ્વરની ભક્તિનો જ એક ભાગ ગણાવો જોઈએ, અને ઈશ્વરની ઇચ્છાનુસાર એવી બધી ફરજો નિઃસ્વાર્થપણે અદા કરવી જોઈએ.

બીજાઓને સહાય કરી સુખી કર્યાથી આપણી જાતને મદદ થાય છે અને આપણા હૃદયમાં અદ્‌ભુત પ્રેમ પ્રવેશ કરે છે એવો અનુભવ આપણને થાય છે. એ પરથી આપણને સમજાય છે કે આપણે બધાં એકબીજાના બહુ જ ઘનિષ્ટ સંબંધમાં જોડાયેલાં છીએ, અને અરસપરસ સહાયની આપલેથી જ આપણે સુધારો અને પ્રગતિ કરી શકીએ તેમ છે. આપણી માનવ પ્રકૃતિનો એ એક સામાન્ય નિયમ છે, અને તેના ઉલ્લંઘનથી આપણો તેમ જ આપણા

પાડોશીઓનો આનંદ લોપ થાય છે. એમ થતાં આપણે એકબીજાનો નાશ કરવા દોરાઇએ છીએ. માટે જીવનનો નિયમ, જેને સોનેરી આદેશ પણ કહે છે તે હંમેશાં આચરવો જોઇએ: "પ્રેમથી એક--બીજાની સેવા કરો." સ્વાર્થત્યાગ વિના બીજાની સેવા કરી શકાય જ નહિ. પહેલા પ્રકરણમાં શીખવ્યા પ્રમાણે એકાંતમાં ઇશ્વરની સંગતમાં તલ્લીન થઇ, તેનાં ચરણોમાં બેસી પ્રેમ અને ત્યાગનો પાઠ શીખીએ, તો "જેવો પોતા પર તેવો પાડોશી પર પ્રેમ" કરી શકીશું. આપણા સર્જનહાર અને માલિક પ્રભુની ઇચ્છા પ્રમાણે આપણું જીવન ચાલશે. તે પરિપૂર્ણ થતાં તેની સાથે સદાકાળના જીવનમાં રહેવા આપણે લાયક થઇ શકીશું.

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

2BGS2

| ક્રમ | પુસ્તકનું નામ | |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો સંદેશ | |
| ૨ | માર્કનો સંદેશ | |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | "અયૂબ" | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦ ૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨. | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩. | ૩૦-૦૦ |
| ૨૨ | વિશ્વાસ માર્ગદર્શિકા | ૨૫-૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦ |
| ૨૬ | વહાલાં પંખીડા | ૧૫-૦ |
| ૨૭ | ચિરાયેલો પડદો | ૨૦-૦ |
| ૨૮ | નિર્મળા | ૧૦-૦ |
| ૨૯ | યોનેકો | ૧૫-૦ |
| ૩૦ | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦ |
| ૩૧ | સભાશિક્ષક | ૩૦-૦ |

**મુદ્રક : સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ૧. ફોન : ૫૬૨૩૭૬૧**